પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક : ૩૪ કુલ પાના : ૪ તારીખ : ૩૦-૦૯-૨૦૨૪ સોમવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રૂપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# નેપાળનાં વરસાદને કારણે બિહારમાં પૂર વધુ ખરાબ બનશે; ૧૩.૫ લાખ લોકો પ્રભાવિત

પટણા

નેપાળમાં છેલ્લા બે-ત્રણ દિવસથી થઈ રહેલા ભારે વરસાદને કારણે બિહારમાં પૂરનો ખતરો તોળાઈ રહ્યો છે. કોસી, ગંડક, બુધી ગંડક, કમલા બાલન, બાગમતી અને ગંગા સહિત અન્ય નદીઓનું જળસ્તર ઘણી જગ્યાએ ખતરાના નિશાનને પાર કરી ગયું છે. બીરપુર અને વાલ્મીકીનગર બેરેજના દરવાજા ખોલવા પડ્યા હતા.



બિહાર સરકારે રાજ્યના મધ્ય અને ઉત્તરીય વિસ્તારોમાં પૂરને લઈને એલર્ટ જાહેર કર્યું છે. મધ્યપ્રદેશમાં ભારે વરસાદ બાદ ક્ષિપ્રા નદીમાં ઉછાળો આવ્યો છે અને ઉજ્જૈનના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. હિમાચલમાં પણ વરસાદના કારણે ૨૭ રસ્તાઓ બંધ છે. બિહારના જળ સંસાધન વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી સંતોષ કુમાર માલે કહ્યું કે કોસીના વધતા જળ સ્તરને કારણે બીરપુરમાં નદી પર બનેલા બેરેજના તમામ ૫૬ દરવાજા ખોલવા પડ્યા. ૧૯૬૮ પછી આ પ્રથમ વખત છે જ્યારે બેરેજના તમામ દરવાજા ખોલવા પડ્યા છે. માલના જણાવ્યા અનુસાર, શનિવારે બપોરે ૨ વાગ્યા સુધી બીરપુર બેરેજમાંથી ૫.૩૧ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું, જે ૫૬ વર્ષમાં સૌથી વધુ છે. તેવી જ રીતે વાલ્મીકીનગર બેરેજમાંથી બપોર સુધીમાં ૪.૨૦ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. જેના કારણે પશ્ચિમ અને પૂર્વ ચંપારણ જિલ્લાના ઘણા બ્લોકમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.

બિહાર રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન વિભાગે વરસાદને કારણે ગંગાના કિનારે આવેલા ૧૨ જિલ્લાઓમાં અચાનક પૂરના જોખમને લઈને પહેલેથી જ એલર્ટ જારી કર્યું હતું. તેમાં બકસર, ભોજપુર, સારણ, પટના, સમસ્તીપુર, બેગુસરાય, મુંગેર અને ભાગલપુર જિલ્લાનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં ૧૩.૫ લાખથી વધુ લોકો પહેલાથી જ અતિશય વરસાદને કારણે પૂર અને જળબંબાકારથી પ્રભાવિત છે.

હિમાચલ પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં મુશળધાર વરસાદને કારણે ૨૭ રસ્તાઓ પર વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે. હવામાન વિભાગે પહેલા જ વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કરી દીધું હતું. નૈના દેવીમાં સૌથી વધુ ૮૪.૨ મીમી વરસાદ નોંધાયો છે. અધિકારીઓએ જણાવ્યું કે વરસાદના કારણે ભૂસ્ખલનને કારણે એકલા કાંગડા



જિલ્લામાં ૧૦ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. વરસાદના કારણે ૧૩૧ પાવર સપ્લાય પ્લાન્ટ પણ પ્રભાવિત થયા છે. જેના કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ઠપ થઈ ગયો છે અને વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો છે. ગુજરાતના દાહોદ જિલ્લામાં મુશળધાર વરસાદને કારણે એક મકાન ધરાશાયી થતાં પાંચ વર્ષના બાળકનું મોત થયું હતું જ્યારે તેની માતા અને બે નાના ભાઈઓ ઘાયલ થયા હતા. પોલીસે જણાવ્યું કે, આ દુર્ઘટના સવારે ત્રણ વાગ્યે થઈ, જ્યારે બધા સૂતા હતા. ઘાયલોને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પૂર્વ અને પશ્ચિમ રાજસ્થાનના અનેક જિલ્લાઓમાં પણ ભારે વરસાદ થયો છે.

## નેપાળમાં વરસાદે મચાવી તબાહી, અત્યાર સુધીમાં ૧૧૨ લોકોના મોત

નેપાળમાં સતત મુશળધાર વરસાદે તબાહી મચાવી છે. વરસાદ બાદ આવેલા પૂરને કારણે અત્યાર સુધીમાં ૧૧૨ લોકોના મોત થયા છે. શુક્રવારથી વરસાદને કારણે નેપાળના ઘણા ભાગોમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે ડિઝાસ્ટર અધિકારીઓએ ફલડ ફલડની ચેતવણી જારી કરી છે. પૂરથી પ્રભાવિત લોકોને સલામત સ્થળે મોકલવામાં આવી રહ્યા છે. આ બધાની વચ્ચે નેપાળના શિક્ષણ મંત્રાલયે મુશળધાર વરસાદને કારણે સર્જાયેલી અરાજકતાને ધ્યાનમાં રાખીને તમામ શૈક્ષણિક સંસ્થાઓને ત્રણ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય લીધો છે.નેપાળ પોલીસ અને એપીએફના જણાવ્યા અનુસાર, સતત વરસાદને કારણે અત્યાર સુધીમાં ૧૧૨ લોકોના મોત થયા છે. ઘણા લોકો હજુ પણ ગુમ છે અને તેમની શોધ ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૩,૦૦૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અધિકારીએ જણાવ્યું કે, દેશભરમાં ૬૩ સ્થળોએ મુખ્ય રાજમાર્ગો અવરોધિત છે. વરસાદના કારણે નેપાળમાં હજારો લોકો સુરક્ષિત સ્થળોએ વિસ્થાપિત થયા છે. રસ્તાઓ, વિસ્તારો, દુકાનો અને સંસ્થાઓમાં ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા છે. રસ્તાઓ પાણીમાં ડૂબી જવાના કારણે વાહનવ્યવહાર પણ બંધ થઈ ગયો છે. સેંકડો મકાનોને નુકસાન થયું છે. કાર અને મકાનો પાણીમાં ડૂબી ગયા છે.નેપાળ પોલીસે જણાવ્યું કે કાઠમંડુમાં ૨૨૬ મકાનો ડૂબી ગયા છે. નેપાળ પોલીસ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં લગભગ ૩,૦૦૦ સુરક્ષા કર્મચારીઓની બચાવ ટીમ તૈનાત કરવામાં આવી છે. વરસાદ વચ્ચે લોકોને સલામત સ્થળે મોકલવામાં આવી રહ્યા છે. નેપાળની સિવિલ એવિએશન ઓથોરિટીએ શુક્રવારે દેશમાં ખરાબ હવામાનની સ્થિતિને કારણે શનિવાર સવાર સુધીની તમામ સ્થાનિક ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. નેપાળના હવામાન આગાહી વિભાગે સતત ચાર દિવસ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે ત્યારે આ બન્યું છે. નેપાળના ૭૭માંથી ૫૬ જિલ્લા ભારે વરસાદની ઝપેટમાં છે.

# ભાવનગરમાં ૭ ઈંચ વરસાદ પડતાં અનેક વિસ્તારો જળબંબાકાર, ફરી વળ્યાં શહેરોમાં પાણી



ભાવનગર

હજુ પણ ગુજરાતમાં ૨ દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે આપી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડશે. હજું ૨૪ કલાક માછીમારોને દરિયો નહીં ખેડવાની સૂચના અપાઈ છે. બીજી બાજુ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકા પંથકમાં ૭ ઈંચ વરસાદ પડતાં અનેક વિસ્તારો પાણી પાણી થયા છે. ગઈકાલે (શનિવાર) બપોર બાદ વરસાદ શરૂ થતાં ૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. જોકે બાદમાં પણ અવિરત શરૂ રહેતા વધુ ૩ ઈંચ વરસાદ નોંધાયો હતો.

મહુવાના કોલેજ રોડ, ગાંધીબાગ, ગોકુળનગર, પરશુરામ ચોક, જનતા પ્લોટ અને સ્વામિનારાયણ મંદિર રોડ વિસ્તારમાં પાણી ભરાયા હતા. મહુવા શહેર અને પંથકમાં સારો વરસાદ પડતાં નદી નાળા છલકાય ગયા છે. ધોધમાર વરસાદના પરિણામે તાલુકાના બગડ, રોજકી અને માલણ ડેમ ઓવરફ્લો થયા હતા.

નોંધનીય છે કે ભાવનગર જિલ્લામાં ૨૪ કલાક દરમ્યાન વરસાદ નોંધાયેલો હતો. ભાવનગર શહેર જિલ્લામાં બપોર બાદ મેઘો ફરી મંડાયો હતો. જિલ્લામાં બપોરે બે વાગ્યા બાદ શરૂ થયેલા વરસાદે અનરાધાર બેટિંગ નોંધાવી હતી. જિલ્લાના તમામ તાલુકામાં ધોધમાર વરસાદ પડતા સમગ્ર પંથક પાણી પાણી થઈ ગયો હતો. ભારે વરસાદના પગલે જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારો જળબંબાકાર થયા હતા.

ભાવનગર જિલ્લામાં સિઝનનો કુલ એવરેજ ૭૮૮.૪ દ્બદ્બ વરસાદ નોંધાયો છે. ૮ કલાકમાં મહુવા ૭ ઈંચ, જેસરમાં ૩.૫ ઈંચ, તળાજામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે સાંજે ૬ થી ૧૦ દરમ્યાન ૪ કલાકમાં વલભીપુરમાં ૩.૫ ઈંચ, ઉમરાળામાં ૪ ઈંચ, ભાવનગરમાં પોણા બે ઈંચ, ઘોઘામાં ૨.૫ ઈંચ, સિહોરમાં ૩ ઈંચ, ગારિયાધારમાં ૧.૨ ઈંચ જ્યારે પાલિતાણામાં ૩.૨ ઈંચ વરસાદ નોંધાયો

# છોટાઉદેપુરના હાફેશ્વર ગામને મળ્યો શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન સ્થળનો એવોર્ડ




છોટાઉદેપુર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે રાજ્યમાં પ્રવાસન સ્થળોનો બહુમુખી વિકાસ કરીને એક નવી કેડી કંડારી છે, જેના પરિણામ સ્વરૂપે ગુજરાતના નાનકડા હાફેશ્વર ગામે આજે પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિકસ્તરે વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ૨૦૨૪માં શ્રેષ્ઠ પર્યટન ગામોની સ્પર્ધાની પ્રથમ આવૃત્તિમાં ૭૯૫ ગામોની અરજીઓ બેસ્ટ ટૂરિઝમમાં મળી હતી, જેમાં વિલેજ કોમ્પિટિશનની બીજી આવૃત્તિમાં ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી કુલ ૯૯૧ અરજીઓ મળી હતી, જેમાંથી બેસ્ટ ટૂરિઝમ વિલેજ સ્પર્ધા ૨૦૨૪ની ૮ કેટેગરીમાં ૩૬ ગામોને વિજેતા તરીકે માન્યતા આપવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજયમાંથી છોટાઉદેપુર જિલ્લાના હાફેશ્વરની પસંદગી કરવામાં આવતા હાફેશ્વર ગામના લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે.મા નર્મદાના કિનારે અને પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે વસેલા હાફેશ્વર ગામનું પૌરાણિક શિવજીનું મંદિર નર્મદા નદીના જલસ્રાવ વિસ્તારમાં ડૂબી ગયું છે, અને પ્રવાસીઓ નાવમાં બેસી જુના મંદિરની પ્રદક્ષિણા કરી દર્શન કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૪માં ૧ લાખથી વધુ પ્રવાસીઓએ હાફેશ્વરની મુલાકાત લીધી હતી, જેને લઈને ભારત સરકારના પ્રર્યટન મંત્રાલાય દ્વારા ૮ હેરિટેજ કેટેગરીમાં વર્ષ ૨૦૨૪માં શ્રેષ્ઠ ગ્રામીણ પ્રર્યટન સ્પર્ધામાં હાફેશ્વર ગામને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ઉપરાંત પ્રવાસન ધામના વિકાસ માટે ૧૦ કરોડની ગ્રાન્ટ ફળવવામાં આવી છે.આ અંગે જિલ્લા કલેક્ટર અનિલ ધામોલીયા જણાવ્યું હતું કે, છોટાઉદેપુર જિલ્લામાં આવેલું હાફેશ્વર ગામ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદે આવેલું છે અને મા નર્મદા હાફેશ્વર ગામમાંથી ગુજરાત રાજ્યમાં પ્રવેશ કરે છે. અહીંયાંનું પ્રાકૃતિક સૌંદર્ય પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે, જેને લઈને પ્રવાસન દિવસે ભારત સરકારના પ્રવાસન મંત્રાલાય દ્વારા ૮ હેરિટેજ કેટેગરીમાં ગુજરાત રાજયમાંથી છોટાઉદેપુર જિલ્લાના હાફેશ્વરની પસંદગી કરવામાં આવી છે.

# પીએમ મોદીએ મહારાષ્ટ્રને રૂ. ૧૧૦૦૦ કરોડના પ્રોજેક્ટની ભેટ આપી, પુણે મેટ્રો સેક્શનનું પણ ઉદ્‌ઘાટન કર્યું



નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મહારાષ્ટ્રને રૂ. ૧૧,૨૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટની ભેટ આપી હતી. આમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટથી સ્વારગેટ સુધીના પુણે મેટ્રો સેક્શનનું ઉદ્‌ઘાટન પણ સામેલ છે. વડાપ્રધાને ૨૬ સપ્ટેમ્બરે તેનું ઉદ્‌ઘાટન કરવાના હતા, પરંતુ વરસાદના કારણે તેમની પુણે મુલાકાત રદ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ,વડાપ્રધાને રવિવારે બપોરે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો અને ઉદ્‌ઘાટન કર્યું. પુણે મેટ્રો રેલ પ્રોજેક્ટ (તબક્કો-૧) પુણે મેટ્રો વિભાગના ઉદ્‌ઘાટન સાથે પૂર્ણ થયો હતો. ડિસ્ટ્રિક્ટ કોર્ટથી સ્વારગેટ વચ્ચેના અંડરગ્રાઉન્ડ સેક્શનનો ખર્ચ અંદાજે રૂ. ૧,૮૧૦ કરોડ છે. વડાપ્રધાને સ્વારગેટથી કાત્રજ એક્સટેન્શનનો શિલાન્યાસ પણ કર્યો હતો. આ માટે લગભગ રૂ. ૨,૯૫૫ કરોડનો ખર્ચ થશે.

તેમણે ભારત સરકારના રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ કાર્યક્રમ હેઠળ ૭,૮૫૫ એકર વિસ્તારને આવરી લેતો એક પરિવર્તનશીલ પ્રોજેક્ટ બિડકિન ઈન્ડસ્ટ્રીયલ એરિયા પણ રાષ્ટ્રને સમર્પિત કર્યો. દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર હેઠળ વિકસિત પ્રોજેક્ટ મરાઠવાડા ક્ષેત્રમાં વાઈબ્રન્ટ ઈકોનોમિક હબ તરીકે અપાર સંભાવના ધરાવે છે.

વડાપ્રધાને સોલાપુર એરપોર્ટનું પણ ઉદ્‌ઘાટન કર્યું, જે કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરશે અને સોલાપુરને પ્રવાસીઓ, વેપારી પ્રવાસીઓ અને રોકાણકારો માટે વધુ સુલભ બનાવશે. તે જ સમયે, પીએમ મોદીએ ભીડેવાડામાં ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફુલેની પ્રથમ કન્યા શાળાના સ્મારકનો શિલાન્યાસ પણ કર્યો.

# ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૯૯.૨૫ ટકા ભરાયો, ૧૦ દરવાજા ખોલાયા



નર્મદા

ઉપરવાસમાં ભારે વરસાદ વરસતા નર્મદા ડેમની જળસપાટીમાં વધારો થયો છે. નર્મદા ડેમની સપાટીમાં ૨૪ કલાકમાં ૨ સેમીનો વધારો થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૯૯.૨૫ ટકા ભરાયો છે. નર્મદા ડેમની સપાટી ૧૩૮.૪૬ મીટરે પહોંચી છે. જ્યારે નર્મદા ડેમની મહત્તમ જળસપાટી ૧૩૮.૬૮ મીટર છે.નર્મદા ડેમમાં ૧ લાખ ૪૪ હજાર ક્યૂસેકથી વધુ પાણીની આવક છે. જ્યારે નર્મદા નદીમાં ૧ લાખ ક્યૂસેકથી વધુ પાણી છોડવામાં આવ્યુ છે. જેના પગલે વડોદરા, ભરૂચ અને નર્મદાના ૪૨ ગામોને એલર્ટ કરાયા છે. નર્મદા ડેમ મહત્તમ સપાટી પર પહોંચવામાં માત્ર ૨૨ સેમી બાકી છે. જેના કારણે નર્મદા ડેમના ૧૦ દરવાજા ૧.૩૫ મીટર ખોલવામાં આવ્યા છે.


બીજી તરફ વડોદરાના ડભોઈમાંથી પસાર થતી ઢાઢર નદીની જળસપાટી વધી છે. ઉપરવાસમાં વરસાદને પગલે ફરી દેવ ડેમમાંથી પાણી છોડયું છે. તેમજ દંગીવાડા, કબીરપૂરા,નારણપુરા, બંબોજ ગામના રસ્તા પર પાણી ફરી વળ્યા છે. તેમજ કરાલીપુરા જવાનો માર્ગ પણ પાણીમાં ગરકાવ થયા છે. સીઝનમાં સતત પાંચ વાર ઢાઢર નદીમાં પુર ની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે ૭ જેટલા ગામના મુખ્ય માર્ગ ઉપર પાણી ફરી વળ્યું છે.

# રાષ્ટ્રીય વક્ફ બોર્ડને નાબૂદ કરવાની માંગ, વિરોધ દરમિયાન કાર્યકરનું હાર્ટ એટેકથી મૃત્યુ

શિમલા

હિમાચલ પ્રદેશના હમીરપુરમાં વિરોધ પ્રદર્શન દરમિયાન ૪૬ વર્ષીય વિશ્વ હિન્દુ પરિષદના સભ્યનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. આ સંગઠન વક્ફ બોર્ડને નાબૂદ કરવાની માંગ સાથે વિરોધ કરી રહ્યું હતું. દેવભૂમિ સંઘર્ષ સમિતિના આહ્વાન પર જિલ્લાઓમાં દેખાવો થયા હતા. કમિટી સંજૌલીમાં એક મસ્જિદ તોડી પાડવા અને સ્થળાંતર કરનારાઓની ફરજિયાત ચકાસણીની માંગ સાથે આંદોલન ચલાવી રહી છે. શિમલા, હમીરપુર, મંડી, ચંબા અને નાહનમાં મોટી સંખ્યામાં લોકોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

હમીરપુરમાં પ્રદર્શન દરમિયાન, જ્યારે વિરોધીઓ અધિકારીઓને મેમોરેન્ડમ આપવા જઈ રહ્યા હતા, ત્યારે વિહિપ કાર્યકર વરિન્દર પરમાર બેહોશ થઈ ગયા. તેને પોલીસ વાહનમાં હમીરપુર મેડિકલ કોલેજ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો.



પ્રથમ નજરે મૃત્યુનું કારણ હાર્ટ એટેક હોવાનું કહેવાય છે. દરમિયાન, સમિતિના સહ-સંયોજક મદન ઠાકુરે જણાવ્યું હતું કે સમિતિ ભાવિ વ્યૂહરચના નક્કી કરતા પહેલા ૫ ઓક્ટોબર સુધીમાં વિવાદિત મસ્જિદ પર કોર્પોરેશન કોર્ટના નિર્ણયની રાહ જોશે. તેમણે ૫ ઓક્ટોબર પછી 'જેલ ભરો આંદોલન' શરૂ કરવાની ચેતવણી પણ આપી હતી. તેમણે કહ્યું, "અમારી વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે, જ્યારે એઆઈએમઆઈએમ નેતા શોએબ જમાઈ વિરુદ્ધ સંજૌલી મસ્જિદમાંથી વીડિયો બનાવવા અને લોકોની ભાવનાઓને ભડકાવવા બદલ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સ્થાનિક લોકોને ત્યાં મંજૂરી નથી."

શોએબ જમાઈએ સંજૌલી મસ્જિદમાંથી એક વીડિયો બનાવીને વિવાદ ઊભો કર્યો હતો અને બાદમાં કહ્યું હતું કે તે પીઆઈએલ દાખલ કરશે અને માગણી કરશે કે પાડોશમાં ચાર માળથી વધુ ઈમારતોને ગેરકાયદે કેમ ન ગણવી જોઈએ. આ કૃત્યની સ્થાનિક મુસ્લિમ નેતાઓ અને સત્તાધારી કોંગ્રેસ અને વિપક્ષ ભાજપના નેતાઓ દ્વારા નિંદા કરવામાં આવી હતી. ૧૧ સપ્ટેમ્બરના રોજ, જ્યારે સંજૌલી મસ્જિદના એક ભાગને તોડી પાડવાની માંગ કરી રહેલા લોકો બેરિકેડ તોડીને મસ્જિદની નજીક પહોંચ્યા અને પથ્થરમારો શરૂ કર્યો, પોલીસે તેમના પર લાઠીચાર્જ કર્યો અને વોટર કેનનનો ઉપયોગ કર્યો. અથડામણમાં છ પોલીસકર્મીઓ અને ચાર દેખાવકારો ઘાયલ થયા હતા અને ૫૦ વિરોધીઓ સામે કેસ નોંધવામાં આવ્યો હતો.

સમિતિના સહ-સંયોજક મદન ઠાકુરે કહ્યું, "વક્ફ બોર્ડને નાબૂદ કરી દેવા જોઈએ. વિરોધ કરનારાઓ સામે નોંધાયેલા કેસો પાછા ખેંચવા જોઈએ. અનધિકૃત મસ્જિદને તોડી પાડવી જોઈએ અને બહારના લોકોની ઓળખ અને ચકાસણી ફરજિયાત કરવી જોઈએ." હમીરપુરમાં વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને તેમના હાથમાં ભગવા બેનરો અને ઝંડા હતા. હિંદુ અધિકાર સંગઠનના નેતાઓએ માંગ કરી હતી કે હિમાચલ પ્રદેશમાં સ્થળાંતર કરનારાઓના દસ્તાવેજો ચકાસવા માટેનો ઠરાવ રાજયભરમાં ૨ ઓક્ટોબરે યોજાનારી ગ્રામસભાની બેઠકોમાં પસાર કરવામાં આવે. શિમલામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. મુસ્લિમ સમુદાયના સભ્યોની દુકાનો બંધ રહી હતી. હિંદુ જમણેરી જૂથના નેતાઓએ તેમના સંબોધનમાં માંગ કરી હતી કે ૨ ઓક્ટોબરના રોજ રાજયભરમાં યોજાનારી ગ્રામસભાની બેઠકોમાં સ્થળાંતર કરનારાઓના દસ્તાવેજો તપાસવાનો ઠરાવ પસાર કરવામાં આવે.

# કોલકાતાની ૧૫૦ વર્ષ જૂની ટ્રામ સેવા બંધ થશે, કેટલાક ભાવુક થયા તો કેટલાકે નારાજગી વ્યક્ત કરી

કોલકતા

જીવનમાં કેટલાક સંસાધનો એવી રીતે જોડાયેલા હોય છે કે જ્યારે તે જતી રહે છે ત્યારે તે ખૂબ જ દુ:ખી થઈ જાય છે. હવે આ કોલકાતામાં થવા જઈ રહ્યું છે. પશ્ચિમ બંગાળ સરકારે ૧૮૭૩માં શરૂ થયેલી કોલકાતાની ઐતિહાસિક ટ્રામને બંધ કરવાનો નિર્ણય લીધો છે. કોલકાતામાં ૧૫૦ વર્ષ જૂની ટ્રામ સેવા શહેરની ધરોહર અને આકર્ષણનું પ્રતીક છે.વિશ્વભરમાંથી લોકો ટ્રામમાં સવારી કરવા કોલકાતા પહોંચે છે. પરંતુ હવે કોલકાતામાં લોકોને ટ્રામ જોવા નહીં મળે. ટ્રામને કોલકાતાની લાઈફલાઈન માનવામાં આવે છે. ભારતમાં ટ્રામ બ્રિટિશરો દ્વારા રજૂ કરવામાં આવી હતી અને બાદમાં પટના, ચેન્નાઈ, નાસિક અને મુંબઈ જેવા શહેરો દ્વારા અપનાવવામાં આવી હતી, પરંતુ




કોલકાતા સિવાય દરેક જગ્યાએ તેને નાબૂદ કરવામાં આવી હતી.પરિવહન પ્રધાન સ્નેહસીસ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે ટ્રામ એ પરિવહનનો ધીમો મોડ છે અને મુસાફરોને ઝડપી વિકલ્પોની જરૂર છે. એસ્પ્લેનેડથી મેદાન સુધીના એક રૂટને બાદ કરતાં કોલકાતામાં ટ્રામ સેવાઓ ટ્રાફિકની સમસ્યાને કારણે બંધ કરવામાં આવી રહી છે. આ દલીલના જવાબમાં પેસેન્જરે કહ્યું કે ટ્રાફિકની ભીડ માટે ટ્રામને દોષી ઠેરવી શકાય નહીં.તેમણે વધુમાં કહ્યું કે, કોલકાતામાં દરેક ખૂણે ટ્રાફિક જામ છે. ત્યાં ઘણા બધા વાહનો છે, અને રસ્તાની સ્થિતિ હજુ પણ એવી જ છે. ત્યાં કોઈ નવા રસ્તા નથી. બાયપાસમાં પણ ટ્રાફિક જામ છે તેથી ટ્રામ ચાલી શકતી નથી.કોલકાતાએ ૨૦૨૩માં શહેરની હેરિટેજ ટ્રામ સેવાઓના ૧૫૦ વર્ષની ઉજવણી કરી. રાજ્યના વાહનવ્યવહાર મંત્રી સ્નેહાસીશ ચક્રવર્તી અને અન્ય અધિકારીઓએ કેક કાપીને શહેરની ગૌરવપૂર્ણ પળની ઉજવણી કરી હતી. ત્યારે મંત્રીએ કહ્યું હતું કે, ટ્રામ અમારું ગૌરવ છે. આજકાલ, ટ્રામના રૂટ પહેલા કરતા ટૂંકા છે. પરંતુ સરકારે કેટલાક હેરિટેજ ટ્રામ રૂટની જાળવણી કરવાનો પ્રયાસ કર્યો છે. અમારી પ્રથમ પ્રાથમિકતા એ સુનિશ્ચિત કરવાની છે કે શહેરમાં ટ્રામ સેવાઓ ક્યારેય સમાપ્ત ન થાય.ટ્રામ સૌપ્રથમ કોલકાતામાં ઘોડાથી દોરેલી કાર તરીકે શરૂ થઈ હતી, જે ૨૪ ફેબ્રુઆરી ૧૮૭૩ના રોજ પાટા પર મૂકવામાં આવી હતી. ૧૮૮૨માં સ્ટીમ એન્જિનની શરૂઆત કરવામાં આવી હતી અને પ્રથમ ઈલેક્ટ્રિક ટ્રામ ૧૯૦૦માં રજૂ કરવામાં આવી હતી. કોલકાતા ટ્રામના વીજળીકરણના લગભગ ૧૧૩ વર્ષ પછી, એસી ટ્રામ ૨૦૧૩ માં રજૂ કરવામાં આવી હતી.

# પરમાણુ શક્તિથી યુદ્ધ જીતવાનું વિચારવું મૂર્ખતા છે, રશિયાના વિદેશ મંત્રી

મોસ્કો

સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવે યુક્રેનને સમર્થન કરતા દેશો પર નિશાન સાધ્યું હતું. લવરોવે કહ્યું કે યુક્રેનનો શાંતિ પ્રસ્તાવ પરમાણુ શક્તિથી યુદ્ધ જીતી જશે એવું વિચારવું મૂર્ખામીભર્યુંછે. તેમણે કહ્યું કે રશિયા પરમાણુ શક્તિ છે. જીતવા માટે તેની સાથે લડવાનું વિચારવું મૂર્ખતા છે.તેમણે કહ્યું કે યુક્રેનના પશ્ચિમી સમર્થકોનું કહેવું પણ ખોટું છે કે શાંતિ મંત્રણા સિવાય કોઈ વિકલ્પ નથી. ૧૯૪૦ના દાયકામાં સોવિયેત યુનિયનનો નાશ કરવાની પશ્ચિમી સાથીઓની યોજનાઓને ટાંકીને, તેમણે પશ્ચિમ પર યુક્રેનમાં રશિયાની વ્યૂહાત્મક હારનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો.લવરોવે કહ્યું કે એંગ્લો-સેક્સન વ્યૂહરચનાકાર તેના મંતવ્યો છુપાવી રહ્યો નથી. તેઓ કિવ શાસનનો ઉપયોગ કરીને રશિયાને હરાવવાની આશા રાખે છે. પરંતુ સાથે જ તેઓ યુરોપને આત્મઘાતી હુમલામાં ધકેલી દેવાની તૈયારી કરી રહ્યા છે. લવરોવે ઈઝરાયેલના હુમલા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. કહ્યું કે હવે રાજકીય હત્યાઓ સામાન્ય બની ગઈ છે.રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર હુમલો કર્યો હતો. આ પછી, યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાના આધારે યુદ્ધને સમાપ્ત કરવા માટે શાંતિ યોજનાની જાહેરાત કરી. જ્યારે મોસ્કોએ તેનો અસ્વીકાર કર્યો હતો. સાથે જ ભારત અને અમેરિકા શાંતિ મંત્રણાને સમર્થન આપી રહ્યા છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# સંતરામપુરમાં ઐતિહાસિક રવાડીનો મેળો વરસાદના કારણે બગડીયો વેપારીઓને પ્લોટનું ભાડું પણ ચૂકવવામાં ફાફા

, સંતરામપુર

સંતરામપુર નગરમાં વર્ષોથી ભરાતો ઐતિહાસિક રવાડી નો મેળો સતત વરસાદ પડવાના કારણે ધીરે ધીરે મેળાની મજા બગડતી ગઈ જ્યારે બીજી બાજુ દિવસે જાહેર હરાજીમાં પ્રાંતના અધ્યક્ષતા ની આ મેળા યોજાયેલીમાં જમીનનું ભાડું ઊંચા ભાવ હોવાના કારણે વેપારીઓમાં ભાડું ચૂકવવામાં પણ ફાફા પડી રહેલા છે તેવી પરિસ્થિતિ સર્જાયેલી છે ૧૮મી તારીખના રોજ શિક્ષણ મંત્રીની ઉપસ્થિતિમાં રવાડી ના મેળા નું ઉદઘાટન કરવામાં આવેલું હતું ત્યારબાદ બે દિવસ પછી સતત ભારે વરસાદ પડવાના કારણે મેળા ની અંદર મોટાભાગના લોકો ની સંખ્યાઓ પણ ઝાંખી જોવા મળી રહેલી જ્યારે બીજી બાજુ સતત વરસાદ પડવાના કારણે મેળામાં ચારે



બાજુ ગંદકી અને રોગચાળાનો પણ ભયભીતી સિવાય રેલી છે આ રવાડી ના મેળામાં પાલિકા સારી એવી આવક ઉભી કરતી હોય છે તેમ છતાં સામે પ્રાથમિક સુવિધા આપવામાં પણ નિષ્ફળ ગયેલી હતી ચારે બાજુ ગંદકી અને સુવિધા નો અભાવ જોવાયેલો હતો સવાર સાંજ ગમે ત્યારે જેવો સફાઈ જોવા મળતી જ નથી મેળાના મોટાભાગના વેપારીઓ અને ચકડોળના માલિકો માણસો સોસ ક્રિયા માટે સુકી નદીનો ઉપયોગ બગાડ પણ કરતા હોય છે તેવી પરિસ્થિતિ સર્જાયેલી છે પરંતુ પાલિકા દ્વારા જાહેર શૌચાલયની પણ વ્યવસ્થા કરવામાં આવેલ ન હતી. દર વર્ષ કરતાં આ વખતે પ્લોટની કિંમત બે ગણી વધારો થતા અને મેળામાં પબ્લિક ના આવતા નહીં વેપાર ન થતા વેપારીઓ અને ચગડો ન માલિકો સતત આઠ દિવસ સુધી એકધારી વરસાદના કારણે ધંધામાં મોટી અસર જોવા મળેલી હતી બહારથી આવતા વેપારીઓ અને ચકડોળના માલિકો સુવિધા નો અભાવ અને જમીન ભાડું પણ ના ચૂકી શકે તેવી પરિસ્થિતિ સર્જાતા વેપારીઓ માં ભારે આપણો જોવા મળી આવેલો છે . મોટાભાગની ચકડોળ હોળી અન્ય આઈટમો વરસાદના કારણે ચલાવી શકતા નથી અને થંભી ગઈ હતી મેળાઓમાં અત્યારે માતમજીવી પરિસ્થિતિ જોવા મળી છે

# લુણાવાડા પ્રજાપતિ સમાજમાં માટીના ગરબાની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે

મલેકપુર

મહીસાગર જીલ્લાનુ વડું મથક લુણાવાડા નગરમાં એક પ્રજાપતિ સમાજમાં નવરાત્રીના દિવસો નજીક આવી રહ્યા છે. તેમ તેમ પ્રજાપતિ સમાજમાં એક માટીના ગરબાઓની વિશેષ મહત્વ રહેલું છે. ત્યારે પ્રજાપતિ સમાજમાં નાના સુથારવાડામા પણ ગરબાની તૈયારીઓ હાલતો પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે પ્રજાપતિ સમાજમાં અવનવા રંગબેરંગી ગરબાઓની અનોખી તૈયારીઓ જોવા મળે છે. વિવિધ કલર પેઇન્ટિંગ કરી એકસો એક રૂપિયાથી માંડીને ચારસો એક



પાંચસો એક સુધીના માતાજીના ગરબાઓનુ વેચાણ કરીએ છીએ નિશાબેન પ્રજાપતિ પ્રજાપતિ સમાજમાં માટીના ગરબાનોની કામગીરી હાલ તો વિવિધ પ્રકારના રંગબેરંગી ગરબાઓની કામગીરી કરતા તસ્વીરમા નજરે જોવા મળે છે. ત્યારે વિવિધ પ્રકારના ગરબાઓ કલાત્મક રીતે શણગારેલા પણ જોવા મળે છે.તેમજ દિવાળીનો તહેવાર નજીક આવતા પ્રજાપતિ સમાજમાં એક માટીના કોડીયા સહીતની કામગીરી વધુ જોવા મળતી હોય છે.ત્યારે આદ્યશક્તિમાં મો નો પર્વ એટલે નવરાત્રીનું એક મહત્વ રહેલું હોય છે.ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ગામડે ગામડે આ નવરાત્રિ પર્વની ઉજવણી ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.આમ લુણાવાડા નગરમાં નાના સુથારવાડા પોલન સ્કુલ વિસ્તારમાં આવેલા પ્રજાપતિ સમાજમાં આવતા નિશાબેન પ્રજાપતિ જે નવરાત્રી મહોત્સવ નજીક આવતા વિવિધ ગરબાઓની હાલ તડામાર તૈયારીઓ પૂરજોશમાં જોવા મળે છે

# લુણાવાડા નગરની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર લખાયેલ પુસ્તક શ્રી મલ્લવણપુર-લુણાવાડાનું વિમોચન



મલેકપુર

શ્રી મલ્લવણપુર, લાવણ્યપુરી, લવણપુરી એવા અનેક નામોથી જેનું સંબોધન થતું રહ્યું છે એવા લુણાવાડા નગરની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર લખાયેલ પુસ્તક શ્રી મલ્લવણપુર–લુણાવાડાનું વિમોચન મહારાણા સિધ્ધરાજસિંહજી , પદ્મશ્રી ડો. પ્રવીણ દરજી, બાઈસા મૃણાલિનીકુમારી, પૂર્વ સાંસદ ભુપેન્દ્રસિંહજી સહિત મહાનુભાવો અને અગ્રણી નગરજનોની ઉપસ્થિતિમાં રાજપૂત ભવન હોલ ખાતે યોજાયું.

ઐતિહાસિક માહિતી તેમજ સંશોધન ક્ષેત્રે પણ લાંબા સમયથી પ્રવુત્ત છે તેવા જાણીતા સિક્કા સંગ્રાહક હર્ષદભાઈ કડિયા દ્વારા લુણાવાડાના રાજવી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં રાજ મહેલના તમામ દસ્તાવેજી પુરાવાઓ તેમજ આસપાસના વિસ્તારમાં ફરી ઈતિહાસ સંકલન કરી આ પુસ્તકનું લેખન કરવામાં આવ્યું છે. પાંચ વર્ષના અથાગ પરિશ્રમથી ૨૨ પ્રકરણમાં લખાયેલ આ પુસ્તકનું પ્રકાશન મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલય વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિર દ્વારા કરવામાં આવ્યું છે.

લુણાવાડા સ્ટેટના રાજવીઓ દ્વારા શિક્ષણ, કળા, સંસ્કૃતિ,ધર્મ, સુરક્ષા, જળ વ્યવસ્થા અને જનકલ્યાણના કાર્યોને આ પ્રસંગે સ્મરણ કરી તેઓની પ્રજા વત્સલતાને નમન કરવામાં આવ્યા હતા. સિધ્ધરાજ જયસિંહ થી સિધ્ધરાજસિંહજી સુધીના કાર્યકાળની શ્રી મલ્લવણપુર–લુણાવાડાની મહત્વની બાબતો વર્ણવતું આ પુસ્તક લાંબા સમય સુધી ઈતિહાસની આધારભૂત માહિતીનો સ્રોત બની રહેશે તેવી આશા વ્યકત કરતાં ઉપસ્થિત સૌએ લેખકને નગર ઐતિહાસિક વારસાનું દસ્તાવેજીકરણ બદલ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે અતુલ્ય વારસોના કપિલ ઠાકર, રાજપૂત સમાજના અને નગરના અગ્રણીઓ, મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીયાના સાગટાળા પોલીસ મથક વિસ્તારમાં પોલીસ ઉપર ફાયરીંગના ગુનાનો વોન્ટેડ આરોપીને પોલીસે ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એકાદ વર્ષ પહેલા પોલીસ ઉપર ફાયરીંગ તથા હુમલાના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપીને દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.દાહોદ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડવા તેમજ અસમાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દેવગઢ બારીઆના સાગટાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ ઉપર ફાયરીંગ તથા હુમલાનો બનાવ બન્યો હતો. આ ઘટનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી નિરસીંગભાઈ નારણભાઈ રાઠવા (રહે. લખામી, નિશાળ ફળિયું, તા.જી.છોટાઉદેપુર)ને દાહોદ એલસીબી પોલીસે તેના આશ્રય સ્થાનેથી ઝડપી પાડ્યો હતો. આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આરોપી રિમાન્ડ દરમિયાન પોલીસને સહકાર ન આપતાં હોવાનો ખુલાસો

દાહોદ,

દાહોદ સહિત સમગ્ર ગુજરાતભરમાં ચકચાર મચાવનાર તો સિંગવડની તોરણી પ્રાથમિક શાળાની પહેલા ધોરણમાં ભરતી છ વર્ષની માસુમ બાળકી ઉપર દુષ્કર્મના પ્રયાસ બાદ હત્યાના બનાવમાં પકડાયેલો નરાધમ આચાર્યની ઘરપકડ કરી લીમખેડા કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. જેમાં પોલીસે આ ચકચારી કેસમાં વધુ તપાસઅર્થે રિમાન્ડની માંગણી કરતા નામદાર કોર્ટે ગુનાની ગંભીરતા જોતા આરોપી આચાર્ય ગોવિંદ નટના ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. જોકે, રિમાન્ડ દરમિયાન આરોપી આચાર્ય પોલીસ તપાસમાં સહકાર ન કરતો હોવાનું સામે આવ્યું છે. ત્યારે આજરોજ આરોપી ગોવિંદ નટના રિમાન્ડ પૂર્ણ થતા હોય પોલીસે આરોપીને લીમખેડા કોર્ટમાં રજૂ કર્યો હતો અને ફરદર રિમાન્ડની માંગણી કરી હતી. જેમાં નામદાર કોર્ટે આરોપી ગોવિંદ નટના વધુ સાડા ત્રણ દિવસના એટલે સોમવાર સાંજ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. અત્યંત ઘૃણાસ્પદ અને સંવેદનશીલ ગણાતા કેસમાં પોલીસે ઘટના બન્યાના ગણતરીના કલાકોમાં સમગ્ર કેસની કડીને જોડી ગુરૂ શિષ્યના સંબંધોને કલંકિત કરનાર શાળાના આચાર્ય ગોવિંદ



નટને ઝડપી પાડ્યો હતો. જોકે, હાલ પોલીસ રિમાન્ડ દરમિયાન આ કેસની વધુ તપાસ અને રજેરજની માહિતી મેળવવા માટે પ્રયાસરત છે. સહકારનો આપતો હોવાનું હાલ સામે આવ્યું છે. ત્યારે પોલીસ હવે ફરધર રિમાન્ડ દરમિયાન સમગ્ર કેસની તમામ વિગતોને આવરી લેશે. આ તમામ સંજોગોની વચ્ચે ચકચારી કેસમાં રાજકારણ ઈન્વોલ્ડ થતાં વિવિધ રાજકીય નેતાઓ હવે પીડિત પરિવારના ઘર સુધી પહોંચી રહ્યા છે. આ મામલે કોંગ્રેસ આમાંથી પાર્ટી તેમજ વિવિધ સામાજીક સંગઠનો દીકરી અને તેના પરિવારને ન્યાય આપવા માટે આરોપી આચાર્યનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી ફાંસીની સજાની માંગ કરી રહ્યા છે.

# લુણાવાડા ટાઉન પોલીસ મથક વિસ્તાર માંથી ગુમ થયેલ મોબાઈલ અને બાઈક શોધી મૂળ માલિકને સોંપી

લુણાવાડા,

લુણાવાડા ટાઉન પોલીસ મથક વિસ્તારમાં મોબાઈલ તથા બાઈક ગુમ પડી ગયેલ જે બાબતે અરજીઓના આધારે સીઈઆર પોર્ટલ ઉપર એન્ટ્રી કરવામાં આવલ ચાર મોબાઈ શોધી કાઢી માલિકને સોંપવામાં આવ્યા.

# દાહોદ અને એમ.પી.ના ધાડલુંટના ગુનાના ચાર રીઢા ગુનેગારને એલ.સી.બી.એ ઝડપ્યા

દાહોદ,

છેલ્લા પાંચ વર્ષથી ધાડ–લુંટ અને ખુનની કોશિષના ચાર ગુન્હાઓમાં નાસતા ફરતા દશ હજારના ઈનામી આરોપી સહિત ગુજરાત તેમજ મધ્યપ્રદેશ રાજયના અલગ અલગ કુલ ૩૭ ગુનાઓમાં સંડોવાયેલા ચાર રીઢા ગુનેગારોને ટેકનિકલ તેમજ હ્યુમન સોર્ષના માધ્યમથી ઝડપી પાડી દાહોદ જીલ્લા તથા મધ્યપ્રદેશ રાજયના ધાડ–લુંટ તથા ઘરફોડ ચોરીના કુલ અગીયાર અનડીટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરી સોના–ચાંદીના દાગીના કુલ રૂા.૨,૫૨,૩૦૦ના મુદ્દામાલ સાથે આરોપીઓને ઝડપી પાડવામાં દાહોદ એલસીબી પોલીસને સફળતા મળી છે.

દાહોદ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડવા તેમજ અસમાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે છેલ્લા પાંચ વર્ષથી ધાડ–લુંટ અને ખુનની કોશિષના ચાર ગુન્હાઓમાં નાસતા ફરતા દશ હજારના ઈનામી આરોપી સહિત ગુજરાત તેમજ મધ્યપ્રદેશ રાજયના અલગ અલગ કુલ ૩૭ ગુનાઓમાં સંડોવાયેલા ચાર રીઢા ગુનેગારોને ટેકનિકલ તેમજ હ્યુમન સોર્ષના માધ્યમથી ઝડપી પાડી દાહોદ જીલ્લા તથા મધ્યપ્રદેશ રાજયના ધાડ–લુંટ તથા ઘરફોડ ચોરીના કુલ અગીયાર અનડીટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરી સોના–ચાંદીના દાગીના કુલ રૂા.૨,૫૨,૩૦૦ના મુદ્દામાલ સાથે આરોપીઓ ગલાલભાઈ મેઘજીભાઈ પલાસ, દિવાનભાઈ સળીયાભાઈ મેઘજીભાઈ પલાસ અને મિનેશભાઈ ગલાલભાઈ મેઘજીભાઈ પલાસ (તમામ રહે. મધ્યપ્રદેશ) નાઓને દાહોદ જીલ્લાના ડુંગરપુર ગામે ખાન નદી નજીક આવેલ દરગાહની પાછળના ભાગે બાકડા ઉપર ઉપરોક્ત બેઠેલા હોય પોલીસે વોચ ગોઠવી ઉપરોક્ત ત્રણેય ઈસમોને ઝડપી પાડ્યાં હતાં. આ આરોપીઓએ દાહોદ જીલ્લાની સાથે સાથે મધ્યપ્રદેશમાં ગુન્હાઓને અંજામ આપ્યો હતો. ત્યારે વધુ એક આરોપી શૈલેષભાઈ કાળુભાઈ ભાભોર (રહે. ખજુરી, ઉંડાર ફળિયું, તા.ધાનપુર, જી.દાહોદ) નાને દાહોદ જીલ્લાની કંબોઈ ચીલાકોટા જવાના રસ્તા ઉપરથી ઝડપી પાડ્યો હતો. આ આરોપીએ દાહોદ જીલ્લાની સાથે સાથે આણંદ, વડોદરા ગ્રામ્ય, અમદાવાદ શહેર વિસ્તારમાં ગુન્હાઓને અંજામ આપ્યો હતો. આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

વૃષભ: આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે. ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો. આવકના સ્રોતમાં વધારો થશે.

મિથુન: આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં. કાર્ય વ્યવસાયથી લાભની પૂરેપૂરી સંભાવના છે, પરંતુ વિલંબ ટાળો નહીં તો નફો ઓછો થઈ શકે છે.

કર્ક: આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો, તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

સિંહ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો. જો તમે ધૈર્ય ગુમાવશો તો તમારા પરિવારના સભ્યો સાથે બિનજરૂરી દલીલો થવાની સંભાવના છે. આર્થિક સ્થિતિમાં ઘટાડો થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે.

તુલા: આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઈચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે. ઘરના કોઈને આપેલ વચન પૂરા કરવામાં વિલંબ થશે, જેના કારણે અશાંતિ થઈ શકે છે.

વૃશ્ચિક: નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં સંયમ નહીં રાખો તો ખરાબ સ્વાસ્થ્ય તરફ દોરાઈ શકો છો.

ધન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઈ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકર: આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે. કુટુંબને તમારા વર્તનનો ઘમંડ ગમશે નહીં, વડીલોથી બચજો. ઓફિસમાં તમારા કામથી તમે સંતુષ્ટ થશો નહીં, ઓછા સમયમાં વધુ કમાણી કરવાની ભાવના તમને માનસિક રીતે વિચલિત રાખશે.

કુંભ: આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે. પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે.


મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે. મિત્રો સાથે મુસાફરી કરવાની પણ તકો મળશે.

# દેશના લોકો સકારાત્મક માહિતીના કેટલા ભૂખ્યા છે. લોકોને સકારાત્મક વસ્તુઓ, પ્રેરણાદાયી ઉદાહરણો, પ્રોત્સાહક વાર્તાઓ ગમે છે

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે 'મન કી બાત' કાર્યક્રમના ૧૦ વર્ષ પૂરા થવા વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું, મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર. ફરી એકવાર અમને 'મન કી બાત' સાથે જોડવાની તક મળી છે. આજનો એપિસોડ મને ભાવુક કરી દેશે, તે મને ઘણી જૂની યાદોથી ઘેરી રહ્યો છે. કારણ એ છે કે 'મન કી બાત'ની અમારી સફર ૧૦ વર્ષ પૂર્ણ કરી રહી છે. ૧૦ વર્ષ પહેલા ૩જી ઓક્ટોબરે વિજયાદશમીના દિવસે 'મન કી બાત' શરૂ થઈ હતી અને આ એક એવો પવિત્ર સંયોગ છે કે આ વર્ષે ૩જી ઓક્ટોબરે જ્યારે 'મન કી બાત'ના ૧૦ વર્ષ પૂર્ણ થશે, ત્યારે તે પહેલો સંયોગ હશે. નવરાત્રી નો દિવસ.

તેણે કહ્યું કે 'મન કી બાત'ની આ લાંબી સફરમાં ઘણા એવા સીમાચિહ્નો છે, જેને હું ક્યારેય ભૂલી શકતો નથી. 'મન કી બાત'ના કરોડો શ્રોતાઓ અમારી સફરના એવા સાથી છે, જેમનો મને સતત સહયોગ મળતો રહ્યો. તેમણે દેશના ખૂણેખૂણેથી માહિતી પૂરી પાડી. 'મન કી બાત'ના શ્રોતાઓ જ આ કાર્યક્રમના સાચા શિલ્પી છે. સામાન્ય રીતે, એક ધારણા એવી પકડાઈ ગઈ છે કે જ્યાં સુધી મસાલેદાર કે નકારાત્મક વાત ન હોય ત્યાં સુધી



તેના પર વધુ ધ્યાન આપવામાં આવતું નથી.

પીએમ મોદીએ કહ્યું કે 'મન કી બાત' એ સાબિત કરી દીધું છે કે દેશના લોકો સકારાત્મક માહિતીના કેટલા ભૂખ્યા છે. લોકોને સકારાત્મક વસ્તુઓ, પ્રેરણાદાયી ઉદાહરણો, પ્રોત્સાહક વાર્તાઓ ગમે છે. ઉદાહરણ તરીકે, 'ચકોર' નામનું એક પક્ષી છે, જેના વિશે એવું કહેવાય છે કે તે માત્ર વરસાદના ટીપાં જ પીવે છે. 'મન કી બાત'માં આપણે જોયું કે ચકોર પક્ષીની જેમ દેશની સિદ્ધિઓ અને લોકોની સામૂહિક સિદ્ધિઓને લોકો કેટલા ગર્વથી સાંભળે છે.

તેમણે કહ્યું કે 'મન કી બાત'ની ૧૦ વર્ષની સફરમાં એક એવી શ્રેણી બનાવવામાં આવી છે જેમાં દરેક કાર્યક્રમમાં નવી વાર્તાઓ, નવા રેકોર્ડ અને નવી વ્યક્તિત્વ ઉમેરવામાં આવે છે. આપણા સમાજમાં સામૂહિકતાની ભાવના સાથે જે પણ કાર્ય થઈ રહ્યું છે, તેને 'મન કી બાત' દ્વારા સન્માન મળે છે. 'મન કી બાત' માટે મળેલા પત્રો વાંચીને મારું હૃદય પણ ગર્વથી ભરાઈ જાય છે.

તેમણે કહ્યું કે આપણા દેશમાં કેટલા પ્રતિભાશાળી લોકો છે, તેમનામાં દેશ અને સમાજની સેવા કરવાની કેટલી ખેવના છે. તે પોતાનું આખું જીવન લોકોની સેવામાં નિઃસ્વાર્થ ભાવે સમર્પિત કરે છે. તેમના વિશે જાણીને મને ઉર્જાથી ભરી દે છે. મારા માટે 'મન કી બાત'ની આ આખી પ્રક્રિયા મંદિરમાં જઈને ભગવાનના દર્શન કરવા જેવી છે. જ્યારે મને 'મન કી બાત'ની દરેક વાત, દરેક ઘટના, દરેક અક્ષર યાદ આવે છે ત્યારે મને એવું લાગે છે કે જાણે હું જનતા જનાર્દનને જોઈ રહ્યો છું, જે મારા માટે ભગવાનનું સ્વરૂપ છે.

તેમણે કહ્યું કે ઝાંસીની કેટલીક મહિલાઓએ ઘુરારી નદીને નવું જીવન આપ્યું છે. આ મહિલાઓ સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી છે અને 'જલ સહેલી' બનીને આ અભિયાનનું નેતૃત્વ કર્યું છે. આ મહિલાઓએ મૃત્યુ પામતી ઘુરારી નદીને જે રીતે બચાવી છે તેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય! આ જળ મિત્રોએ બોરીઓમાં રેતી ભરીને ચેકડેમ તૈયાર કર્યો, વરસાદી પાણીનો બગાડ થતો અટકાવ્યો અને નદીને પાણીથી ભરી દીધી. આ મહિલાઓએ સેંકડો જળાશયોના નિર્માણ અને પુનરુત્થાનમાં પણ સક્રિય યોગદાન આપ્યું છે. આનાથી આ વિસ્તારના લોકોની પાણીની સમસ્યા તો દૂર થઈ છે પરંતુ તેમના ચહેરા પર ખુશી પણ ફરી વળી છે.

પીએમ મોદીએ કહ્યું, 'મને મધ્યપ્રદેશના બે ખૂબ જ પ્રેરણાદાયી પ્રયાસો વિશે માહિતી મળી છે. અહીં ડિંડોરીના રાયપુરા ગામમાં મોટા તળાવના નિર્માણને કારણે ભૂગર્ભ જળ સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. જેનો લાભ આ ગામની મહિલાઓને મળ્યો. અહીં 'શારદા લાઈવલીહુડ સેલ્ફ હેલ્પ ગ્રૂપ' સાથે સંકળાયેલી મહિલાઓને પણ માછલી ઉછેરનો નવો વ્યવસાય મળ્યો.

તેમણે કહ્યું કે મધ્યપ્રદેશના છતરપુરમાં મહિલાઓના પ્રયાસો પણ ખૂબ જ પ્રશંસનીય છે. અહીંના ખોમ્પ ગામનું મોટું તળાવ જ્યારે સુકાઈ જવા લાગ્યું ત્યારે મહિલાઓએ તેને પુનઃજીવિત કરવાની પહેલ કરી. 'હરિ બગીયા સેલ્ફ હેલ્પ ગ્રુપ'ની આ મહિલાઓએ તળાવમાંથી મોટા પ્રમાણમાં કાંપ ઉપાડીને તેનો ઉપયોગ બંજર જમીન પર ફળોનું જંગલ બનાવવા માટે કર્યો હતો.

તેમણે કહ્યું કે 'ઝાલા' ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં એક સરહદી ગામ છે. અહીંના યુવાનોએ પોતાના ગામને સ્વચ્છ રાખવા માટે એક ખાસ પહેલ શરૂ કરી છે. તેઓ તેમના ગામમાં 'આભાર કુદરત' અભિયાન ચલાવી રહ્યા છે. આ અંતર્ગત ગામમાં દરરોજ બે કલાક સફાઈ કરવામાં આવે છે. ગામની ગલીઓમાં પથરાયેલો કચરો એકઠો કરી ગામની બહાર નિર્ધારિત જગ્યાએ ફેંકવામાં આવે છે. પુડુચેરીના દરિયાકિનારા પર પણ સ્વચ્છતાને લઈને વ્યાપક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અહીં રામ્યા જી નામની મહિલા માહે નગરપાલિકા અને તેની આસપાસના વિસ્તારોના યુવાનોની ટીમનું નેતૃત્વ કરી રહી છે. તેમના પ્રયાસોથી આ ટીમના લોકો માહે વિસ્તાર અને ખાસ કરીને ત્યાંના દરિયાકિનારાને સંપૂર્ણપણે સ્વચ્છ બનાવી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે ૨ ઓક્ટોબરે 'સ્વચ્છ ભારત મિશન'ના ૧૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ભારતીય ઈતિહાસમાં આટલું મોટું જન આંદોલન કરનારા લોકોને અભિનંદન આપવાનો આ પ્રસંગ છે. આ મહાત્મા ગાંધીને પણ સાચી શ્રદ્ધાંજલિ છે, જેઓ જીવનભર આ હેતુ માટે સમર્પિત રહ્યા. મને કેરળના કોઝિકોડમાં એક અદ્ભુત પ્રયાસ વિશે જાણવા મળ્યું. અહીં ૭૪ વર્ષના સુબ્રમણ્યમે ૨૩ હજારથી વધુ ખુરશીઓનું સમારકામ કરીને તેને ફરીથી વાપરવા યોગ્ય બનાવી છે. લોકો તેને 'રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલ, એટલે કે આરઆરઆર ચેમ્પિયન પણ કહે છે. તેમણે કહ્યું કે, સ્વચ્છતા અંગે ચાલી રહેલા અભિયાનમાં આપણે વધુમાં વધુ લોકોને સામેલ કરવાના છે અને આ અભિયાન એક દિવસ કે એક વર્ષનું નથી, યુગોથી સતત ચાલતું કાર્ય છે. જ્યાં સુધી 'સ્વચ્છતા' આપણો સ્વભાવ ન બને ત્યાં સુધી આ કરવાનું રહેશે.

વડાપ્રધાને તેમની તાજેતરની અમેરિકા મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે મારી અમેરિકાની મુલાકાત દરમિયાન અમેરિકન સરકારે લગભગ ૩૦૦ પ્રાચીન કલાકૃતિઓ ભારતને પરત કરી છે. યુએસ પ્રમુખ જો બિડેને તેમના ખાનગી નિવાસસ્થાનમાં મને આમાંથી કેટલીક કલાકૃતિઓ બતાવી, જેમાં સંપૂર્ણ સ્નેહ દર્શાવ્યો. પરત કરવામાં આવેલી કલાકૃતિઓ ટેરાકોટા, પથ્થર, હાથીદાંત, લાકડું, તાંબુ અને કાંસ્ય જેવી સામગ્રીથી બનેલી છે. આમાંના ઘણા ચાર હજાર વર્ષ જૂના છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદના બોગસ બિનખેતી હુકમ પ્રકરણમાં વધુ શંકાસ્પદ સર્વે નંબરો બહાર આવતા ખળભળાટ

દાહોદ,

દાહોદ પંથકમાં નકલી દ્રઘ હુકમો નકલી,પ્રોપર્ટી કાર્ડ અને અન્ય ગેરરીતી સંબંધે વહીવટી તંત્ર દ્વારા અગાઉ જાહેર કરેલા ૧૭૯ જેટલા સર્વે નંબરો માં સંદિગ્ધ હુકમો અને નોધ પડેલી હોવાનું બહાર આવા પામ્યો હતો. નકલી એને પ્રકરણમાં અત્યાર સુધી બે એફ.આઈ.આર થઈ છે અને તેમાં ચાર ઈસમો પોલીસે અટક કર્યા છે. ખૂબ જ ઝીણવટભરી તપાસને અંતે આજે પુનઃ વધારાના ૮ સર્વે નંબરો જાહેર કર્યા હતા. જે બાદ હવે સંદિગ્ધ હુકમોની યાદીમાં કુલ ૧૮૭ નંબરનો સમાવેશ થવા પામ્યો છે. આજે વધુ નંબરો જાહેર કર્યા હતા તથા તે નંબરોમાં કોઈપણ વ્યવહાર કે વેચાણ ભોળા પ્રમાણમાં લીટીગેશન ઉભા કરી શકે તેવું જણાવી આ તમામ નંબરોના દસ્તાવેજો ઉપર હાલ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. અત્રે ઉલેખનીય છે કે, તાજેતરમાં જ વીજીલન્સની ટીમ દાહોદ ખાતે તપાસ કરી સ્થળ ચકાસણી કરી ગાંધીનગર ખાતે જ પહોંચી છે જ્યારે સ્થાનિક કલેક્ટરએ આ ૧૮૭ નંબરોમાં જે તે સંબંધિત અધિકારીને ફોજદારી ગુનો નોંધવા અધિકૃત કર્યા છે, તેવા સમયે કુલ ૧૭૯ ૮ મળી ૧૮૭ નંબરોની યાદી આજે જાહેર થતાં શેરભરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે રાજ્યભરને ચોકાવનાર જમીન કૌભાંડ ક્યાં અને કઈ જઈને પહોંચશે તે હવે જોવું રહ્યું.? જોકે જમીન કૌભાંડ સંબંધે થયેલી બે ફરિયાદમાં જે આરોપીઓના નામ ખુલ્યા છે, તે પૈકી બે આરોપી હજી ફરાર છે. ત્યારે પોલીસ હવે કયા પ્રકારનું રૂપ અખત્યાર કરે છે.તે પણ મહત્વનું બની રહેશે તો બીજી તરફ પોલીસ અટક કરેલા ચાર પૈકી ત્રણ આરોપીઓના ચાર્જશીટ રજૂ થયા પછી મુકાયેલા જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે અને તે પણ હાલ નગરમાં ચર્ચાનો વિષય બની છે. પુન એકવાર છૂપા ભયની સાથે લોકોમાં વિવિધ પ્રકારનો ગણગણાટ શરૂ થવા પામ્યા છે ત્યારે આ જમીન કૌભાંડ કોનો કોનો ભોગ લેશે તે પણ આવનાર સમય કહેશે.

# દાહોદના મંડાવાવ રોડ વોર્ડ નં.૪માં જાહેર રસ્તા ઉપર મસમોટો ભુવો પડતા વાહન ચાલકો અને સ્થાનિકો પરેશાન

દાહોદ,

દાહોદ શહેરના મંડાવાવ રોડ એપીએમસી તરફ જવાના રસ્તે વોર્ડ નંબર ૦૪માં જાહેર અવર જવર રસ્તા પર મસમોટો ભુવો પડતાં વાહન ચાલકો તેમજ સ્થાનીકોને આ રસ્તા પરથી જીવના જોખમે પસાર થવાનો વારો આવી રહ્યો છે. ત્યારે સ્માર્ટ સીટીની નામના ધરાવનાર દાહોદ શહેરની દશા અને દુર્દશા જોઈ આ વિસ્તારના લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. પાલિકા તંત્રની કામગીરી પર અનેક સવાલો પણ ઉઠવા પામ્યાં છે.

દાહોદ શહેરને સ્માર્ટ સીટીની નામના મળ્યાંને વર્ષો વિતી ગયાં પરંતુ દાહોદ શહેરમાં આંખે વળગીને ઉડે તેવી કામગીરી જોવા મળતી નથી. માત્ર ઐતિહાસીક છાબ તળાવના નવીનીકરણ સિવાય શહેરમાં કોઈ કામગીરી કરવામાં આવી ન હોવાના આક્ષેપો પણ શહેરવાસીઓમાં છડેચોક થઈ રહ્યાં છે. ચાલુ વર્ષે દાહોદ શહેરમાં મેઘરાજાની ધમાકેદાન એન્ટ્રીને પગલે દાહોદ શહેર પાલિકા તંત્રની કામગીરીની પોલ પણ ખુલી ગઈ હતી. ઠેર ઠેર જાહેર રસ્તાઓ પર મસમોટા ખાડાઓ પડી જતાં જેમાં વરસાદી પાણીના ભરાવાને કારણે લોકોને અવર જવરમાં જીવના જોખમે પસાર થવાનો વારો પણ આવી રહ્યાં છે. દાહોદ શહેરમાં ઘણા રસ્તાઓ ઉપર તો ભુવા પડ્યાંના કિસ્સાઓ પણ સામે આવ્યાં હતાં ત્યારે વધુ આવોજ એક કિસ્સો વોર્ડ નંબર ૪ એટલે કે, મંડાવાવ એમપીએમસી તરફ જવાના રસ્તે સતત ચોવીસે કલાક ધમધમતા રસ્તાની વચ્ચે મસમોટા ભુવો પડતાં અહીંથી પસાર થતા વાહન ચાલકો તેમાંય ખાસ કરીને આ રસ્તા પરથી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા, શાળા, ટ્યુશને આવતાં જતાં બાળકો, અન્ય વાહન ચાલકો સહિત સતત આ રસ્તા પરથી પસાર થતાં હોય છે. ત્યારે આ રસ્તા પર મસમોટો ભુવો પડતાં ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાઈ રહ્યાં છે. સ્થાનીકો દ્વારા કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે ભુવાની આસપાસ પથ્થરો મુકી આડસ પણ કરવામાં આવી છે ત્યારે આ રસ્તા પર મસમોટો ભુવો પડતાં અહીંના સ્થાનીકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનીકોના જણાવ્યાં અનુસાર, દાહોદ નગરપાલિકા દ્વારા સ્માર્ટ સીટીની નામે કોઈ કામગીરી કરવામાં ન આવી હોવાના આક્ષેપો સ્થાનીકો કરી રહ્યાં છે. વધુમાં સ્થાનીકોના જણાવ્યાં અનુસાર, આ ભુવાને કારણે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની ? માટે પાલિકા તંત્ર તેમજ સંબંધિત લાગતા વળગતા તંત્ર દ્વારા આ ભુવાનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી અહીંના સ્થાનીકોમાં ઉઠવા પામી છે.

## દાહોદનું ગૌરવ ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ યોજાયેલ મ્યુઝીક કોમ્પટીશીનમાં દાહોદના ધ્રુવ પંચાલે ત્રીજો ક્રમાંક મેળવ્યો




દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ સંચાલિત નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ ખાતે કાર્યરત N.S.S. વિભાગના કેડેટ અને દાહોદના કલાગુરૂ કપિલભાઈ ત્રિવેદીના શિષ્ય ધ્રુવ સંજયભાઈ પંચાલે રાજ્યકક્ષાની N.S.S. ડે ની ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ ખાતે યોજાયેલી ઉજવણીમાં મ્યુઝીક કોમ્પિટિશનમાં રાજ્યકક્ષાએ ત્રીજો ક્રમાંક મેળવી કોલેજ પરિવાર તેમજ દાહોદ નગરનું નામ રોશન કર્યું છે. તે બદલ કોલેજના આચાર્ય ડો. બી.આર.બોદર, વાઇસ પ્રિંસિપાલ ડો. હરેશ પંચાલ, કોલેજના માર્ગદર્શક ડો. બી.સી.ચૌધરી અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડો. વિનય પટેલ, ડો. કોમલ ગાંવિત અને સમગ્ર કોલેજ પરિવારે શુભેચ્છાઓ પાઠવી છે.

## પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ સિલાઈ મશીન મળતા દાહોદના શીતલબેન અમલીયાર થયા ખુશખુશાલ



દાહોદ,

દાહોદ જીલ્લાના નગરાળા ગામના રહેવાસી શીતલબેન અમલીયારને પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ સિલાઈ મશીન મળતા જ થયા ખુશખુશાલ.

આર્થિક રીતે મારો પરિવાર મજબુત ન હોવાથી મને મારા પગભર થવા માટે સરકારની આ યોજના હેઠળ હું હવે સ્વ રોજગાર કરી શકીશ. એ સાથે જ પરિવારને પણ આર્થિક રીતે સહાય કરી શકીશ. વધુમાં કહે છે કે, આ સહાયથી મહિલાઓ ઘરે બેઠા સ્વરોજગાર મેળવી શકે છે. હું પણ હવે કોઈ બીજા પર નિર્ભર રહેવા કરતાં આત્મ નિર્ભર બનીને ગર્વથી જાત મહેનત કરીને પરિવારનું ભરણ પોષણ કરી શકીશ.

મહિલાઓને સશક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ મફત સિલાઈ મશીન સહાય શરૂ કરવામાં આવી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને વધુ રોજગારી માટે આર્થિક સહાય પૂરી પાડીને બહેનોને આત્મ નિર્ભર બનાવવાનો છે. આ યોજના હેઠળ મહિલાઓને રૂપિયા ૧૮,૦૦૦/– ની સહાય રકમ આપવામાં આવે છે, જેથી તેઓ તેમના વ્યવસાય માટે સિલાઈ મશીન અથવા સંબંધિત ટૂલ કીટ ખરીદી પોતે આત્મ નિર્ભર બની શકે.

# બંદૂક પરવાનામાં ગુજરાતમાં દાહોદ પ્રથમ ક્રમાંકે : વિવિધ કારણોસર પાક સંરક્ષણના બંદૂક પરવાનાં રદ્દ કરાયા




દાહોદ,

દાહોદ પ્રાંત અધિકારીએ દાહોદ વિસ્તારના ખેડૂતોના પાક રક્ષણના બંદૂક પરવાના રીન્યુ કરવાનાં બદલે વિવિધ કારણોસર રદ્દ કરવાનો હુકમ કરતા દાહોદ જીલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.ગ્રામીણ વિસ્તારના કેટલાય નેતાઓ અને અગ્રણીઓનો પણ પાક રક્ષણના બંદૂક પરવાનામાં સમાવેશ થયો હોવાનું જાણમાં આવ્યું છે.

રાજ્યમાં સમગ્ર રાજ્યમાં સૌથી વધારે બંદૂક પરવાના ધરાવતા દાહોદ જીલ્લામાં આશરે ૪,૦૦૦ કરતાં પણ વધુ પાક રક્ષણના પરવાના અમલમાં છે.ત્યારે જેતે પરવાનાની મુદ્દત પુરી થતા પહેલા રીન્યુ કરાવવા માટે જે તે સંબંધિત અધિકારીઓ સમક્ષ અરજી કરવાની હોય છે. આ રીન્યુ અરજીમાં આજદિન સુધી રીન્યુ થતા આવ્યા હતા. પરંતુ ચાલુ વર્ષે અચાનક જ આવેલી ૩૩૨ જેટલી રીન્યુઅલ અરજીઓ પૈકી ૧૦૬ જેટલી અરજીઓ એટલે કે બંદૂક પરવાના નામંજૂર કરવામાં આવ્યા હતા. જેથી સમગ્ર જીલ્લામાં ખળભળાટ નથી જવા પામ્યો છે. પ્રાંત અધિકારી એન બી રાજપૂત દ્વારા રદ કરાયેલા પરવાનામાં જણાયેલા કારણો ચોંકાવનારા અને સામાન્ય માણસને કાયદાના સમજણ આપતા હોવાનું લાગી રહ્યું છે.જે લોકોના પરવાના રદ કરવામાં આવ્યા છે. તેના કારણો જોવા જઈએ તો જેતે અરજદારે પાક રક્ષણ હથિયાર પરવાનાની જરૂરિયાત સંદર્ભે પાકને નુકસાન થતું હોવાના કોઈ આધાર પુરાવા રજુ ન કરેલા હોવાનું જણાઈ આવ્યું છે. એટલું જ નહીં તેઓના પાકને થતા નુકસાન અટકાવવા ખેતરની ફરતે તાર ફેન્સીંગ પણ કરી શકાય, અને નુકસાન થતું અટકાવી શકાય, તેવા કારણો જણાવી કેટલાક અરજદારોને તો તેઓ દ્વારા ખેતી કરાતી નથી અથવા તેઓ દ્વારા ખેતી કરવા અંગેના કોઈ પુરાવા પણ રજુ ન કર્યા હોવાનું જણાવાયુ છે.જયારે અન્ય કારણોમાં પરવાનેદારને કોઈ ધાક ધમકી અથવા કોઈ હુમલાનો બનાવ બનેલ હોય તેવા પુરાવા પણ રજૂ કરેલા નથી,એટલું જ નહીં પ્રવર્તમાન સમયમાં ટેલીફોન સુવિધાઓ ઉપલબ્ધ છે. જો તાકીદના ધોરણે જરૂર પડે તો ફોરેસ્ટ અથવા પોલીસ ખાતાની સહાયતા પણ સમયસર મેળવી શકાય તેમ જણાવી પાક રક્ષણ કરવાનું ચાલુ રાખવું ઉચિત નથી તેવું તારણ રજૂ કરેલ છે.તો કેટલાક કિસ્સાઓમાં પરવાનેદારે પરવાનો મેળવ્યા પછી આજદિન સુધી કેટલા કારતુસ વાપર્યા છે.તે અંગેના હિસાબ રજૂ કરવામાં પણ નિષ્ફળ નીવડેલ છે.જેથી ખરેખર પાક રક્ષણ હથિયારનો ઉપયોગ યોગ્ય રીતે થાય છે કે કેમ.? તે પણ જાણી શકાયું નથી.આવા કેટલાય કારણો આગળ ધરી અરજદારોના પાક રક્ષણના પરવાના ચાલુ રાખવા ઉચિત ન જણાતા હોય આર્મ્સ એક્ટ ૧૯૫૯ ની કલમ ૧૭ હેઠળ પાક રક્ષણના પરવાનાં કાયમી ધોરણે રદ્દ કરી પરવાના રજીસ્ટર માંથી કમી કરી દેતા તથા પરવાના તળેનું હથિયાર જે તે પરવાનેદારને હુકમ બજવણીના ૭ દિવસમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા તથા હુકમ તારીખના એક વર્ષમાં પોતાની કચેરી ની પૂર્વ મંજૂરી બાદ નિકાલ કરવાનું જણાવી હુકમ કરતા ગ્રામીણ વિસ્તારમાં હાહાકાર મચી જવા પામ્યું છે. એસ.ડી.એમ. રાજપૂતની તસ્વીર જે મને હુકમ કર્યા છે.

## દાહોદના રાછરડા ગામે વરસાદમાં કાચા મકાનની દિવાલ પડતા પરિવાર દબાયો : ૬ વર્ષીય બાળકનું મોત



દાહોદ,

દાહોદ તાલુકાના રાછરડા ગામે ભારે વરસાદને પગલે મધ્યરાત્રીના સમયે એક કાચા મકાનની દિવાલ ધરાશાહી થતાં ઘરના સદસ્યો આ દિવાલ નીચે દબાઈ ગયાં હતા. જેને પગલે એક ૦૬ વર્ષિય માસુમ બાળકનું મોત નીપજ્યું હતું જ્યારે બે બાળકો ઈજાગ્રસ્ત થતાં તેઓને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં.દાહોદ શહેર સહિત જીલ્લામાં છેલ્લા ત્રણ, ચાર દિવસથી સાંજના સમયથી ભારે વાવાઝોડા સાથે વરસાદ પડી રહ્યો છે. ભારે વાવાઝોડા સાથે વરસતા વરસાદને પગલે લોકોને નુકસાન પણ થઈ રહ્યું છે ત્યારે દાહોદના રાછરડા ગામે ગતરોજ ભારે વાવાઝોડા વચ્ચે વરસતા વરસાદ વચ્ચે એક કાચા મકાનની દિવાલ ધરાશાહી થતાં મધ્યરાત્રીના સમયે ઉંઘી રહેલ એક પરિવારના ત્રણ માસુમ બાળકો આ દિવાલની નીચે દબાઈ ગયાં હતાં. જેમાં ૦૬ વર્ષિય સાહિલ રોઝનું મોત નીપજ્યું હતું. જ્યારે ૦૩ વર્ષિય મીતાંશ રોઝ અને અન્ય એક બાળક મળી બે બાળકોને પણ શરીરે ઈજાઓ થતાં તેઓને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. થોડા દિવસો પહેલા ઝાલોદ તાલુકાના એક ગામમાં આવોજ એક બનાવ બન્યો હતો. જેમાં પણ એક માસુમ બાળકનું દિવાલ નીચે દબાઈ જવાને મોત નીપજ્યું હતું. દાહોદ શહેર સહિત જીલ્લામાં વાવાઝોડા સાથે વરસતા વરસાદને પગલે કાચા મકાનોના પતરા, મોટા બેનરો, વૃક્ષો ધરાશાહી થઈ જવાના બનાવો પણ બની રહ્યાં છે.

## દાહોદના ગોધરા રોડ ખાતે જીવાલીયા ક્રોસીંગ પાસે રસ્તા ઉપર પાણી ભરાતા વાહન ચાલકોને હાલાકી

દાહોદ,

દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે આવેલ મુવાલીયા ક્રોસિંગ ખાતે વરસતા વરસાદ વચ્ચે જાહેર રસ્તા પર પાણી ભરાઈ જવાને કારણે અહીંથી પસાર થતાં વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ મામલે સ્થાનીકો દ્વારા દાહોદ નગરપાલિકાના સંબંધિતોને જાણ કરવા છતાંય આ પાણીના નિકાલની કોઈ કામગીરી કરવામાં ન આવતાં આ વિસ્તારના લોકોમાં ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.

દાહોદ શહેર સહિત જીલ્લામાં ચાલુ વર્ષે મેઘરાજા મનમુકીને વરસ્યા છે ત્યારે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીને પગલે દાહોદ શહેરમાં તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના બનાવો પણ બન્યાં હતાં. ત્યારે છેલ્લા ત્રણ, ચાર દિવસથી પુનઃ ભારે વાવાઝોડા અને વીજળીના કડાકા ધડાકા સાથે ભારે વરસાદ પડી રહ્યો છે. આવા સમયે દાહોદ શહેરમાં તમામ સ્થળોએ વરસાદી પાણી છવાઈ ગયાં છે. કાચા મકાનોના પતરા, મોટા બેનરો સહિત ઘણા સ્થળો વૃક્ષો ધરાશાહી થઈ જવાના બનાવો પણ બની રહ્યાં છે. આવા સમયે ખાસ કરીને દાહોદ શહેરમાં પાણી ભરાઈ જવાના બનાવો બની રહ્યાં છે ત્યારે દાહોદ શહેરના ગોધરા રોડ ખાતેથી આવેલ મુવાલીયા ક્રોસિંગ ખાતેના વિસ્તારમાં જાહેર રસ્તા પર વરસાદી પાણી ભરાઈ જતાં વાહન ચાલકો અને ખાસ કરીને આસપાસના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જાહેર રસ્તા પર વરસાદી પાણી ભરાઈ જવાને કારણે આ પાણી આસપાસના લોકોનો ઘરોમાં પણ આ પાણી ભરાઈ જતા હોવાનું પણ સ્થાનીકો દ્વારા જાણવા મળ્યું છે. આ રસ્તા પર પાણી ભરાઈ જવાને કારણે મસમોટા ખાડાઓમાં પાણી ભરાઈ જતાં ચાલતા પસાર થવામાં તેમજ વાહન લઈ પસાર થવામાં લોકો જીવના જોખમે અહીં પસાર થવા મજબુર બની રહ્યાં છે. ત્યારે આ મામલે દાહોદ નગરપાલિકાના સત્તાધિશોને જાણ કરવા છતાંય આજદિન સુધી આ રસ્તા પર પાણીના નિકાલ માટેની કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતાં સ્થાનીક લોકોમાં ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો ત્યારે આ રસ્તા પર પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી અહીંના સ્થાનીકોમાં ઉઠવા પામી છે.

## દાહોદ કોર્ટ પરિસરમાં વ્યાજખોરથી કંટાળી એક વ્યકિતએ ફીનાઈલ પી લેતાં દોડધામ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ કોર્ટ પરિસરમાં એક વ્યક્તિએ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ફીનાઈલ ગટગટાવ લેતાં કોર્ટ પરિસરમાં દોડધામના દ્રશ્યો સર્જાયા હતાં. વ્યક્તિને તાત્કાલિક નજીકના દવાખાને ખસેડવામાં આવ્યો હતો. ત્યારે આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિએ સુસાઈડ નોટ પણ લખી હતી અને જેમાં વ્યાજખોરોના ત્રાસથી પોતે આ પગલું ભર્યું હોવાનો ઉલેખ પણ કરવામાં આવ્યો હતો.દાહોદના સંદિપકુમાર હિરાલાલ મારને રૂપીયાની જરૂર પડતાં અરવિંદ હસમુખલાલ બંમ, અતુલ હસમુખલાલ બંમ, સર્માટ અરવિંદ બંમ અને શેશવ સુરેશચંદ્ર શાહ પાસેથી સોના–ચાંદીના દાગના ગીરવે મુકી વ્યાજે રૂપીયા લીધેલા હતાં. વ્યાજે લીધેલા રૂપિયા વ્યાજ સહિત પરત આપી દીધા છતાં અરવિંદ હસમુખલાલ બંમ સંદિપ તથા તેમના ગ્રાહકોની સોના–ચાંદીની રકમ પરત આપતો ન હતો. તેઓ ગિરવે મુકેલા સોના–ચાંદીના પરત આપતા ન હતાં. આ મામલે સંદિપકુમાર શ્રઈમારે ચારેય વિરૂધ્ધ વ્યાજખોરોની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેનો કેસ દસક વર્ષથી દાહોદ સેસન્સ કોર્ટમાં ચાલી રહ્યો હતો. શુક્રવારના રોજ સંદિપકુમાર હિરાલાલ મારે કંટાળીને ચારેય વ્યાજખોરોના નામજોગ સુસાઈડ નોટ લઈ કોર્ટ પરિસરમાં ફીનાઈલ ગગટાવી લીધું હતું. સુસાઈડ નોટમાં લખ્યુ હતું કે, મારા ઘરમાં અમે પાંચ વ્યક્તિએ પાંચ વ્યક્તિની મોતની જવાબદારી આ ચાર વ્યક્તિની છે. આ અરવિંદ હસમુખલાલ બંમે મારી તથા મારા ગ્રાહકોની રકમ સોના–ચાંદીની ગીરવે રાખેલ તે પૈસા વ્યાજ ભરી દીધા પણ આઝદિન સુધી આપતો નથી. રખડતા રખડતા હું બરબાદ થઈ ગયો છું. ના છુટકે અંતિમ પગલુ ભરૂ છું. આ વ્યક્તિ અરવિંદ બંમ તથા તેના ભાઈ ભાજપના મોટા નેતા હોવાથી કોઈ ડર નથી. એટલે મારામાં હવે લડવાની તાકાત કે પૈસા નથી. હુ બીલકુલ તુંટી ગયો છું. એટલે ના છુટકે મારે આ અંતિમ પગલુ ભરૂ છું. અને મારા પછી મારા પરિવારના સભ્યો પણ આ પગલુ ભરવા તૈયાર છે. યુવકે ફિનાઈલ ગટગટાવતાં લોકો ટોળે વળી ગયાં હતાં. યુવકને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે કોર્ટ પરિવાસર સહિત શહેરમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

## લીમખેડા તાલુકામાં "સ્વચ્છતા હી સેવા - ૨૦૨૪ " અંતર્ગત " સ્વભાવ સ્વચ્છતા- સંસ્કાર સ્વચ્છતા " ઉદ્દેશ હેઠળ ફળો - શાકભાજી વાળાઓને સ્વચ્છતા સંદેશ અપાયો



દાહોદ,

દાહોદ જીલ્લામાં સ્વચ્છતા મંત્રને સાકાર કરવા હેતુ જીલ્લા કલેકટર યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા હી સેવા સૂત્ર ચરિતાર્થ થાય તે હેતુથી લીમખેડા તાલુકામાં આવેલ શાક માર્કેટ, ખાણી–પીણી બજારો, લારી–ગલ્લા પર લોકોને સ્વચ્છતા વિશે સમજૂતી આપવામાં આવી હતી. જેમાં પ્લાસ્ટિકના ઉપયોગ કરવા પર થતું નુકસાન તેમજ પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવા અંગેના ઉપરાંત પોતાના આર્થિક ઉપાર્જન એવા લારી ગલ્લા ની આસપાસના સ્થળની સાફ સફાઈ રોજિંદી કરવા માટે સમજાવવામાં આવ્યું હતું. એ સાથે ઈંઊઈ પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# દાહોદ-ગરબાડામાં પાક રક્ષણ માટે બંદુકના ૧૦૬ પરવાના રદ્દ

દાહોદ,

દાહોદ અને ગરબાડા તાલુકામાં પાક રણક્ષના હથિયાર ધરાવતા ખેડુતો પરવાના રિન્યુ વખતે તંત્રના પ્રશ્નોના સંતોષકારક જવાબ સાથે આધારભુત પુરાવા રજુ નહિ કરી શકતા ૧૦૬ પાક રક્ષણના હથિયારના પરવાના કામય માટે રદ્દ કરી દેવાનો પ્રાંત અધિકારીએ હુકમ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સ્વરક્ષણ અને પાક રક્ષણ માટેના હથિયારો આપવાના અધિનિયમમાં સરકારની પરવાનગી અને તમામ નિતી નિયમોને આધિન રહીને નાગરિકોને હથ્યિાર રાખવાનો અધિકાર છે. પરંતુ આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં વર્ષોથી ગન કલ્ચર અસ્તિત્વમાં છે. ભુતકાળમાં ચુંટણીઓ સાથે ધિંગાણામાં ગેરકાયદે દેશી તમંચાઓ સાથે સાથે પરવાના વાળા પાક રક્ષણના હથિયારોનો પણ છુટથી ઉપયોગ કરાયા હોવાના ગુનાઓ પોલીસ મથકમાં દાખલ થયેલા છે. જિલ્લામાં હથિયારોના પાક રક્ષણ અને જાત રક્ષણના પરવાનાની સંખ્યા જોતા આ જિલ્લો સૌથી અનસેફ હોવાની એક છાપ રાજયકક્ષાએ ઉપસી હતી. દાહોદ શહેર અને તાલુકામાં ૩૮૧ લોકો પાસે સ્વરક્ષણ અને ૧૯ લોકો પાસે પાક રક્ષણના હથિયારના પરવાના છે. તેવી જ રીતે ગરબાડા તાલુકામાં ૪૯૪ લોકો હથિયારના પરવાના ધરાવે છે. તેમાં સૌથી વધુ પાક રક્ષણના હથિયારો છે. આ વખતે દાહોદ અને ગરબાડા તાલુકાના ૩૦૬ લોકોએ પોતાના પાક રક્ષણની બંદુકના પરવાના રિન્યુ કરવા માટે દાહોદ પ્રાંત કચેરીમાં અરજી કરી હતી. ત્યારે પ્રાંત અધિકારીએ પરવાના રિન્યુ કરતા પહેલા વિવિધ પ્રકારના પુરાવાઓ માંગ્યા હતા ત્યારે ૧૦૬ લોકોએ પુરવા રજુ કરી શકયા ન હતા. જેથી પાક રક્ષણના હથિયારનો પરવાનો કાયમી માટે રદ્દ કરવાનો હુકમ કર્યો છે.

## ગરબાડાના મીનાકયાર ગામે તળાવના વેસ્ટવિયરમાં ઝાડી-ઝાંખરા ઉગી નીકળતા રસ્તો બંધ

ગરબાડા,

મીનાક્યાર ગામ ખાતે તળાવના અમણાંપર (વેસ્ટવિયર)માં ઝાડી–ઝાંખરા તેમજ ટેકરા–ટેકરી જામ થવાથી રસ્તા પર અવર જવર બંધ થઈ ગઈ છે. ગરબાડાના મીનાકયાર ગામમાં ચોમાસામાં સિંચાઈ તળાવનો અમણાં (વેસ્ટવિયર)માં જે મટીરીયલ્સ ટેકરા–ટેકરી ઝાડી–ઝાંખરામાં અડચણ રૂપ હોવાથી તળાવનુ વધારાનુ પાણી રોકાતા રસ્તો અવર–જવર બંધ થઈ જતો હોય છે. પાણી ખેડુતોના પાકમાં ફરી વળવાના કારણે ખેડુતોને નુકસાન વેઠવાનો વારો આવતો હોય છે. તેમજ રસ્તા ઉપર પાણી ફરી વળવાના કારણે શાળાએ જતાં બાળકો તેમજ ગામલોકોની અવર જવર બંધ થતી હોય છે. ત્યાં અમણાં સાફ કરાવી અને નવીન બ્રિજ બાંધવામાં આવે તેવી ગ્રામજનો દ્વારા માંગ ઉઠવા પામી છે. ઉલ્લેખનિય છે કે, થોડા દિવસ પહેલા અહિંયા ગ્રામસભા કલેકટરની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં ગામલોકો દ્વારા કલેકટર સમક્ષ આ બાબતે રજુઆત પણ કરવામાં આવી હતી. કલેકટર દ્વારા રાત્રિના સમયે મુલાકાત લઈને સંલગ્ન વિભાગના અધિકારીઓને આનો નિકાલ લાવવા માટે સલાહ સુચનો કર્યા હતા. હવે ગ્રામજનો દ્વારા એક જ માંગ ઉઠવા પામી છે આ સમસ્યાનો ઝડપથી નિકાલ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## લીમખેડાના બાંડીબાર ગામે કરીયાણાની દુકાન માંથી ૧.૫૦ લાખના સરસામાનની ચોરી

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના બાંડીબાર ગામે એક કરિયાણાની દુકાનમાં તસ્કરોએ હાથફેરો કરી દુકાનમાં મુકી રાખેલ કરિયાણાનો સરસામાન કિંમત રૂા.૧,૫૦,૦૦૦ વિગેરે સરસામાનની ચોરી કરી તસ્કરો નાસી જતાં પંથકમાં તસ્કરોના આતંકને પગલે ચકચાર મચી જવા પામી હતી.લીમખેડાના દુધીયા ગામે સતકેવલ ફળિયામાં રહેતાં કૈલાષભાઈ સાયબાભાઈ બર્મનની લીમખેડાના બાંડીબાર ગામે કરિયાણાની દુકાન આવેલ છે. આ કરિયાણાની દુકાનમાં અજાણ્યા તસ્કરોએ ગત તા.૨૪મી સપ્ટેમ્બરના રોજ કરિયાણાનનો પાછળનો દરવાજો ખોલી અંદર પ્રવેશ કર્યો હતો. કરિયાણાની દુકાનમાં મુકી રાખેલ કરિયાણાનો સરસામાન વિગેરે મળી તસ્કરો રૂા.૧,૫૦,૦૦૦ના સરસામાનની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે કૈલાષભાઈ સાયબાભાઈ બર્મને લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વિરપુર તાલુકામાં શિક્ષણ વિભાગના ઉપરી વર્ગ દ્વારા વીમો લેવા શિક્ષકો પર આડકતરૂ દબાણ

વિરપુર

વિરપુર તાલુકાના શિક્ષણ વિભાગમાં ઉપરી વર્ગ દ્વારા શાળાના સાહિત્ય સાધન સામગ્રી, સંગીત અને સ્પોર્ટ્સના સાધનો સાથે હવે વીમ લેવા આડકતરી રીતે દબાણ કરી શિક્ષકોનુ શોષણ થતાં શિક્ષણ ગણમાંથી રજુઆત મહિસાગર જિલ્લા શિક્ષણ ખાતામાં પહોંચતા તપાસ શરૂ કરવામાં આવી છે.

સરકાર દ્વારા શિક્ષણનુ સ્તર સુધારવા અને સરળ બનાવવા માટે શિક્ષણને લગતી તાલીમો આપવા માટે સીઆરસી, બીઆરસી, ટીપીઓ, એસઆઈ માટે નિયુક્તિ કરાય છે. પરંતુ વિરપુર તાલુકાના પ્રાથમિક શિક્ષકોને આવા ઉપલા વર્ગના કર્મચારીઓ દ્વારા તેઓએ નકકી કરેલ દુકાનમાંથી શાળાની સાધન સાહિત્ય ખરીદી કરવા સાથે ફિકસ વ્યકિત પાસેથી વીમા પોલીસી લેવાની પણ આડકતરી રીતે ફરજ પાડવામાં આવી રહી છે. જે શિક્ષક ચોકકસ સ્થળેથી સાધન સામગ્રીની ખરીદી અને વીમો લેનાર શિક્ષકોને કોઈ બીક રહેતી નથી. જયારે જે શિક્ષકો ચોકકસ સ્થળેથી સાધન સામગ્રી ન ખરીદે અને વીમો ન લે તેવા શિક્ષકોને હેરાન કરવામાં આવતા હોવાનુ શિક્ષકોમાં ચર્ચાએ જોર પકડ્યુ છે. જેથી શિક્ષક પોતાની ફરજ અને ઉપલા વર્ગ વચ્ચે પીસાઈ રહ્યો હોવા છતાં ચુપકીદી સેવી સહન કરી રહ્યો હોવાની ચર્ચા વિરપુર તાલુકાના શિક્ષકોમાં થઈ રહી છે. પરંતુ નિર્ભય અને નીડર એવા શિક્ષક દ્વારા આ બાબતે મહિસાગર જિલ્લા શિક્ષણ ખાતા સુધી ફરિયાદ પહોંચાડતા તપાસનો દોર શરૂ થતાં સત્તાનો દુરૂપયોગ કરી પોતાના અંગત સ્વાર્થ અને ફાયદા માટે વ્યવસાય કરનાર શિક્ષકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.34

# હાલોલ તાલુકામાં રીસોર્ટ નજીક દેવ ડેમ કેચમેન્ટમાં ગેરકાયદેસર બોટીંગ અંગે અજાણ વહીવટી તંત્ર



**દેવ ડેમમાં બે દિવસ પહેલા બોટ ખોટકાતા મુસાફરોનું રેસ્કયુ કરાયું હતું.**

હાલોલ તાલુકાના રીસોર્ટ નજીક દેવ ડેમમાં ઘણા વર્ષોથી ગેરકાયદેસર બોટીંગ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું. બે દિવસ પહેલા મોડી સાંજે ડેમમાં બોટીંગ વખતે બોટ ખોટકાતા બોટીંગ કરતા પ્રવાસીઓનું રેસ્કયુ કરવામાં આવ્યું હતું. આ બોટ કોના દ્વારા ચલાવવામાં આવતી હતી. તે દિશામાં તપાસ કરીને કાર્યવાહી થાય તે જરૂરી છે.

**રીસોર્ટ સંચાલકો દ્વારા પ્રવાસીઓને આકર્ષવા ગેરકાયદેસર બોટ ચલાવાતી હશે ?**


હાલોલ તાલુકાના દેવ ડેમના કેશમેન્ટ એરીયામાં ગરીયાલ ગામે ફરવાની બોટ જોવા મળી. આ પ્રમાણે નાના ધાડવા ગામે પણ વીઆઈપી બોટ ચલાવાતી હોવાનું સામે આવ્યું. રીસોર્ટ માલિકો દ્વારા દેવ ડેમમાં ગેરકાયદેસર બોટ ચલાવાતી હોય છતાં દેવ ડેમના અધિકારીઓ અજાણ હશે.

હાલોલ,

હાલોલ તાલુકાના દેવડેમના કેચમેન્ટમાં આવેલ રીસોર્ટમાં ગેરકાયદેસર બોટીંગ વર્ષોથી ચાલતું હોય દેવ ડેમમાં ગેરકાયદેસર બોટીંગ ચલાવાતં હોય છતાં પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર અજાણ હશે. વહીવટી તંત્ર દ્વારા બોટ સંચાલકો સામે કાર્યવાહી કેમ ન કરાઈ તેવા અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે.

હાલોલ તાલુકામાં આવેલ રીસોર્ટ નજીક આવેલ દેવ ડેમના કેચમેન્ટ એરીયામાં ઘણા વર્ષોથી ગેરકાયદેસર બોટીંગ ચાલતું હોય દેવ ડેમ નજીક ગરીયાલ ગામે ફરવાની બોટ જોવા મળી છે. સાથે નાના ચાડવા ગામે દેવ ડેમના કેચમેન્ટ એરીયામાં પણ વીઆઈપી બોટ ચલાવાતી હોય તેમ છતાં દેવ ડેમના અધિકારીઓ દેવ ડેમમાં ચાલતા ગેરકાયદેસર બોટીંગ અંગે અજાણ હોઈ શકે છે. દેવ ડેમમાં ગેરકાયદેસર બોટીંગ પ્રવાસીઓને માટે ચલાવાતું હોય તેવું સામે આવ્યું છે. વડોદરા હરણી બોટ કાંડ બાદ રાજયમાં ગેરકાયદેસર બોટીંગ ઉપર કાર્યવાહી કરવામાં આવતી હોય તેમ છતાં રીસોર્ટના સંચાલક દ્વારા પ્રવાસીઓને આકર્ષવા માટે દેવ ડેમમાં ગેરકાયદેસર બોટીંગ ચલાવાતું હોય તેવું સામે આવ્યું છે. દેવ ડેમમાં બે દિવસ અગાઉ મોડી સાંજના સમયે ડેમમાં બોટીંગ કરતાં પ્રવાસીઓ ડેમમાં ફસાયા હતા. ગેરકાયદેસર રીતે બોટીંગ કરતા પ્રવાસીઓ ફસાઈ જતાં રેસ્કયુ કરીને બચાવ્યા બાદ દેવ ડેમમાં ગેરકાયદેસર બોટીંગ કરાતું હોવાનું ખુલવા પામ્યું હતું. દેવ ડેમમાં બોટીગ દરમિયાન પ્રવાસીઓ ફસાયા બાદ રેસ્કયુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પંચમહાલ જીલ્લા કલેકટરના દયાનમાં આવતાં હાલોલ પ્રાંત અધિકારીને ગેરકાયદેસર બોટીંગની તપાસ કરવાના આદેશ આપવામાં આવ્યા.

## શહેરાના કુંભારવાડામાં ઘરની દિવાલને અડીને વીજ થાંભલાને વીજ કરંટ લાગવાનો ડર




શહેરા,

શહેરા કુંભારવાડા વિસ્તારમાં રહેણાંક મકાનના દીવાલને અડીને આવેલ જીવંત વીજ વાયર વાળા વીજ થાંભલા ને હટાવવા માટે બે વર્ષથી અનેક રજૂઆત ઘરના માલિક દ્વારા કરાઈ હતી. જોકે, ઘર ની દિવાલને અડીને વીજ થાંભલો હોવાથી આ પરીવારને વીજ કરંટ લાગવાનો ડર પણ રહેતો હોય છે.શહેરા નગરના કુંભારવાડા વિસ્તારમાં બસ સ્ટેશન તરફ જવાના રસ્તા ઉપર ઈરફાન પોચાના ઘરની દીવાલને અડીને વીજ થાંભલો આવેલો છે. જીવંત વીજ વાયર વાળો થાંભલો તેમની ઘરની દીવાલને અડીને હોવાથી ઘરમાં વીજ કરંટ ઉતરે તેઓ ડર તેમને હોવાથી શહેરા ખાતે આવેલી એમ.જી.વી.સી.એલ કચેરી ખાતે ઈરફાનભાઈ પોચાએ લેખિત અને મૌખિક રજૂઆત પાછલા બે વર્ષથી કરી રહ્યા છે. વીજ થાંભલો જે ઘરની દીવાલને અડીને આવેલ હોય એ ઘરમાં ૧૦ થી ૧૫ લોકો રહેતા હોવા સાથે ઘરની અંદર રહેતા લોકોને પણ સતત વિજ કરંટ લાગવાનો ડર પણ સતાવતો હોય તેમ છતાં તાલુકાની મુખ્ય વીજ કચેરી દ્વારા તેમની મકાનની દિવાલને અડીને આવેલો વીજ થાંભલો નહી હટાવામાં આવતા તેઓ દ્વારા અત્યારે પણ અનેક રજૂઆતો લાગતી વળગતી કચેરી ખાતે કરતા હોય છે, ઈરફાનભાઈ પોચાએ જણાવ્યું હતું કે ત્રણ વર્ષથી હું એમ.જી.વી.સી.એલ. કચેરી ખાતે ઘરની દીવાલને અડીને વીજ થાંભલો હટાવવા માટે રજૂઆત કરૂ છુ મારા પરિવારને પણ વીજ કરંટ લાગવાનો ડર રહેતો હોય છે અને ચોમાસામાં તો વધુ ડર અમને વીજ થાંભલાના કારણે લાગે છે, વીજ કચેરી દ્વારા મારા ઘરની દીવાલને અડીને આવેલ વિજ થાંભલો નહીં હટાવે તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા સાથે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન મારા પરિવાર સાથે કરનાર છું. એમજીવીસીએલ કચેરીના જવાબદાર અધિકારી દ્વારા આ ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લેવામાં આવશે કે નહીં એ તો આવનાર દિવસોમાં ખબર પડી જશે તેમ છે.

## ગોધરાના બામરોલી રોડ દ્વારકા નગર સોસાયટી માંથી વહેલી સવારે કારમાં ગૌવંશની તસ્કરી કરતા સીસી ટીવીમાં કેદ થયા




ગોધરા,

ગોધરા શહેરના બામરોલી રોડ વિસ્તારમાં આવેલ દ્વારકા નગર સોસાચાટીમાં વહેલી સવારે નંબર વગરની ફોર વ્હીલ ગાડીમાં ચાર ઈસમો ગાયને કૂરતા પૂર્વક ધકકા મારી લઈ જતા હોય તેવ દ્રશ્યો સીસી ટીવીમાં કેદ થયા હતા. શહેરની સોસાયટી વિસ્તારમાં ગૌવંશની તસ્કરી કરતા ઈસમો બેફામ રીતે ડર રાખ્યા વગર ગૌવંશની ચોરી કરતાં હોય તેવા ત્રીજો બનાવ ટુંકા સમયગાળામાં સામે આવ્યો છે. ત્યારે આવા ગૌ તસ્કરોને ડામમાં આવે તે જરૂરી છે.

ગોધરા શહેરમાં પ્રતિદિન ગૌવંશની ચોરીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ગૌવંશની તસ્કરી કરતાં ઈસમોમાં પોલીસ કે કાયદાનો ડર રહ્યો ન હોય તેમ જણાઈ રહ્યું છે. ગોધરા શહેરના બામરોલી રોડ દ્વારકા નગર સોસાયટીમાં વહેલી સવારે નંબર પ્લેટ વગરની કાળા કલરની ફોર વ્હીલ કારમાં ચાર ઈસમો આવે છે અને ખુલ્લમાં બેઠેલી ગાયને ચાર ઈસમો ધકકા મારીને કારમાં લઈ જતા હોય તેવા દ્રશ્યો સીસી ટીવીમાં કેદ થયા છે. ગૌવંશની ચોરી કરતાં હોય ત્યારે સ્થાનિક રહિશો બુમાબુમ કરવા છતાં ગૌ તસ્કરો ડર વગર ગૌવંશને કારમાં ભરી નાશી છુટીયા હતા. શહેરની સોસાયટી વિસ્તારોમાં રાત્રીના સમયે ગૌતસ્કરો જે રીતે પોલીસ કે કાયદાનો ડર રાખ્યા વગર બેફામ બન્યા છે. ત્યારે આવા ગૌવંશની તસ્કરી કરતા તત્વોને ડામવામાં આવે તે જરૂરી છે.

## પાવાગઢ યાત્રાધામ ખાતે નવરાત્રિના નવ દિવસ ૪૦ હજાર કિલો પ્રસાદ બનાવાશે



હાલોલ,

ભાદરવાની વિદાયની સાથે આસો નોરતાનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે. હાલોલ નજીકના યાત્રાધામ પાવાગઢ ખાતે આસો નોરતામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાના દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાળુઓને વિતરણ કરાતા સુખડી પ્રસાદ બનાવવા ૩ પાળીમાં કામગીરી શરૂ કરી દીધી છે. સામાન્ય દિવસોમાં આઠ હજાર જેટલા પેકેટના વિતરણની સામે નવરાત્રિ દરમિયાન રોજના ૩૦ હજાર પેકેટનુ વેચાણ થતુ હોય છે. એટલે કે માંગ ચાર ગણી વધી જતાં નવ દિવસ દરમિયાન ૪૦ હજાર ટન સુખડીનો પ્રસાદ બનાવવાનુ આયોજન કરાયુ છે.

પાવાગઢ શક્તિપીઠ અને યાત્રાધામમાં આસો નવરાત્રિ તા.૩ ઓકટો.થી શરૂ થવાની છે ત્યારે મંદિરના પ્રખ્યાત સુખડીના પ્રસાદનુ વેચાણ નવરાત્રિમાં ૩૦ હજાર પેકેટનુ વેચાણ થાય છે. જેથી ટ્રસ્ટ દ્વારા અત્યારથી ૩ પાળીમાં સુખડી બનાવવમાં કામગીરી ચાલુ કરી દીધી છે. માતાજી મંદિરે આવતા યાત્રાળુઓ મંદિરની આસ્થા સાથે જોડાયેલુ સુખડીનો પ્રસાદ લે છે. નવરાત્રિ સિવાય ચાલુ દિવસોમાં મંદિર દ્વારા સાતથી આઠ હજાર સુખડીના પેકેટોનુ વેચાણ થાય છે. નવરાત્રિમાં યાત્રાળુઓની સંખ્યાને લઈ મંદિર પ્રશાસન દ્વારા ૪૦ ટન સુખડીનો પ્રસાદ બનાવવાનુ આયોજન કરાયુ છે. પ્રસાદ બનાવવાની કામગીરીમા ૬૦ સેવકો જોતરાયા છે. અને ૩ પાળીમાં કામગીરીનો શુક્રવારથી આરંભ કરાયો છે. સુખડીનો પ્રસાદ બનાવવા લોટ, ગાયનુ ઘી, ગોળ સહિતની ૪૫ ટન જેટલી સામગ્રી એકઠી કરાઈ છે. લોટ દળવાની બે ઘંટીમાં દિવસમાં ૧ ટન લોટ બનાવવા બે આધુનિક મશીન મુકયા છે. એક મશીનમાં બે કલાકમાં સુખડીના ૧૨૦૦ પેકેટ તૈયાર થાય છે. સુખડીમાં વપરાતુ ગાયનુ ઘી ની મહેસાણાની દુધ ડેરીમાંથી સીધી ખરીદી થાય છે.

## ગોધરા તાલુકાના વાંસીયા ગામે ખેતરમાંથી લીલા ગાંજાના ૮૩ છોડ સાથે આરોપીને એસ.ઓ.જી.એ ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના વાંસીયા ગામે ખેતરમાં લીલા ગાંજાના છોડ ઉગાડેલા હોવાની બાતમીના આધારે એસઓજીએ ૮૩ નંગ છોડ રૂ.૧,૫૧,૬૦૦ના મુદ્દામાસ સાથે એકને ઝડપી પાડી એનડીપીએસ એકટ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવવા પામ્યો છે.

પંચમહાલ જિલ્લા એસઓજીને બાતમી મળી હતી કે, ગોધરા તાલુકાના વાંસીયા ગામે ધોળી ફળિયામાં રહેતા રાજેન્દ્રકુમાર મોહનસિંહ બારીયાએ પોતાના ખેતરમાં ગાંજાનુ વાવેતર કરેલ છે. બાતમીના આધારે એસઓજી પોલીસ ઈન્સ્પેકટર, સ્ટાફ તથા બે સરકારી પંચોને સાથે રાખી બાતમીના આધારે ખેતરમાં તપાસ કરતા ખેતરમાંથી ૮૩ નંગ લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. જેનુ વજન કરાવતા ૧૫.૧૬૦ કિલોગ્રામ થયેલ જેથી કિ.રૂ.૧,૫૧,૬૦૦નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે લઈ આરોપી રાજેન્દ્ર બારીયા વિરૂદ્ધ ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધરા તાલુકાના જીતપુરા ગામે સીમેન્ટનો લાઈટનો થાંભલો પડતા દબાઈ ગયેલ ૭૧ વર્ષીય વૃધ્ધનું મોત

ગોધરા,

ગોધરા તાલુકાના જીતપુરા ગામે રહેતા ૭૧ વર્ષીય વયોવૃધ્ધ ચાલતા ખેતરમાં જઈ રહ્યા હતા. ત્યારે લાઈટનો સીમેન્ટનો થાંભલો અચાનક તેમની ઉપર પડતા દબાઈ જવાતી ઈજાઓ થવા પામી હતી. ગોધરા ખાનગી હોસ્પિટલમાં ખસેડતા તબીબે મૃત જાહેર કર્યા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના જીતપુરા ગામે પટેલ ફળીચામાં રહેતા રમણભાઈ મંગળભાઈ પટેલ ઉ.વ.૭૧ પોતાના ઘરેથી ચાલતા ખેતરમાં જઈ રહ્યા હતા. તે વખતે રસ્તામાં હિંમતસિંહ ઠાકોરની દુકાનની બાજુમાં આવેલ સીમેન્ટના લાઈટનો થાંભલો અચાનક રમણભાઈ પટેલ ઉપર પડતા તેઓ થાંભલા નીચે દબાઈ જતાં ગંભીર ઈજાઓ થયેલ હોય તેઓને સારવાર માટે ગોધરા ખાનગી હોસ્પિટલ સ્પર્શમાં લઈ જતાં હોસ્પિટલના તબીબે મૃત જાહેર કર્યા. આ બાબતે વેજલપુર પોલસી મથકે અ.મોતની ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## આસો નવરાત્રીમાં પાવાગઢ યાત્રાધામ ખાતે પગપાળા યાત્રાળુની સુવિધા માટે દબાણ દુર કરી ફુટપાથ ખુલ્લા કરવા સુચન

પાવાગઢ,

આસો નવરાત્રી શરૂ થવાની ગણતરીના દિવસો બાકી છે, ત્યારે શક્તિપીઠ પાવાગઢ મહાકાળી મંદિર ટ્રસ્ટ દ્વારા નવરાત્રી દરમ્યાન નિજ મંદિર ના દ્વાર દર્શનર્થીઓ માટે ક્યાં સમયે ખોલવામાં આવશે તે અંગે કાલિકા મંદિર ટ્રસ્ટ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.નવરાત્રી દરમ્યાન યાત્રાધામ અને શક્તિપીઠ પાવાગઢ મહાકાળી મંદિરે દર્શનાર્થી ભક્તોની ભારે ભીડ મહાકાળી માતાજી ના દર્શને ઉમટશે તેવામાં અહીં આવતા શ્રદ્ધાળુ ભક્તોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર પણ સાબદુ બન્યું છે.ગત બુધવારના રોજ પંચમહાલ જીલ્લા કલેક્ટરે હાલોલની મુલાકાત લીધી હતી અને હાલોલ જ્યોતિ સર્કલ થી પાવાગઢ સુધી પગપાળા આવતા યાત્રાળુઓ ની સુવિધા માટે બનાવવામાં આવેલા ફૂટપાથના દબાણો દૂર કરાવી ફૂટપાથ યાત્રિકો માટે ખુલ્લો કરવામાં આવે તેવી સ્થાનિક વહીવટી તંત્રને સૂચના આપી છે. ત્યારે મંદિર ટ્રસ્ટ દ્વારા પણ નવરાત્રી દરમ્યાન અહીં આવનારા દર્શનર્થીઓ સરળતાથી માતાના દર્શન કરી શકે તે માટે નિજ મંદિરના કપાટ ક્યારે કેટલા સમયે ખોલવામાં આવશે તે અંગે જાહેરાત કરવામાં આવી છે. નવરાત્રિના નવ દિવસ અને પૂનમ સુધીના પંદર દિવસ માટે મંદિર ના દ્વાર વહેલા ખોલવામાં આવનાર છે. આ પંદર દિવસ માં પાંચ દિવસ મંદિરના દ્વાર વહેલી સવારે ૪:૦૦ કલાકે ખોલવામાં આવશે અને રાત્રે ૮:૦૦ કલાકે બંધ કરવામાં આવશે. જ્યારે ૧૦ દિવસ માટે નિજ મંદિરના દ્વાર સવારે ૫:૦૦ વાગ્યે ખોલવામાં આવશે અને રાત્રે ૮:૦૦ વાગ્યે બંધ કરવામાં આવનાર છે.૩ ઓક્ટોબર અને એકમ ના દિવસે, ૬ ઓક્ટોબરના ત્રીજ ના દિવસે, ૧૧ ઓકટોબર આઠમના દિવસે, ૧૩ ઓક્ટોબર ના દસમ ના દિવસે અને ૧૭ મી ઓક્ટોબર પૂનમ ના દિવસે નીજ મંદિરના દ્વાર વહેલી સવારે ચાર કલાકે ખોલવામાં આવશે. જ્યારે બાકીના દિવસોમાં મંદિર સવારે ૫:૦૦ કલાકે ખોલવામાં આવનાર હોવાનું કાલિકા મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવવમાં આવ્યું છે.

## કૃભકો અને ધાનપુર લેમ્પસના સયુંક્ત ઉપક્રમે ફર્ટિલાઈઝર પ્રમોશન ઝુંબેશ કાર્યક્રમ યોજાયો

દાહોદ,

વિશ્વની અગ્રગણ્ય ખેડૂતોની સહકારી સંસ્થા કૃભકો દ્વારા એકલવ્ય આશ્રમ શાળા – પીપેરો ખાતે ધાનપુર વિભાગ મોટા કદની ખેતી વિ.વિ.કા.સ.મ.લિમિટેડની ૩૮ વાર્ષિક સાધારણ સભા સાથે ફર્ટિલાઈઝર પ્રમોશન ઝુંબેશ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગુજરાત સરકારના મંત્રી(પંચાયત અને કૃષિ)બચુભાઈ ખાબડ હજાર રહ્યા હતા. તેમજ ધાનપુર લેમ્પસના ચેરમેન દરિયાસિહ મૈડા , તાલુકાના ભાજપના આગેવાનો, અન્ય સહકારી સંસ્થાઓના ચેરમેન અને પદાધિકારીઓ તથા ખૂબ મોટી સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી હતી. ધાનપુર મંડળીના સેક્રેટરી દ્વારા મંડળીની વાર્ષિક સાધારણ સભાના એજન્ડા મૂજબ બહાલી આપી અને આગળ કાર્યક્રમમાં કૃભકોના એરિયા મેનેજર જયેશભાઈ પટેલ દ્વારા કૃભકો સંસ્થા,કૃભકોની કામગીરી અને ખેડૂતોના હિતમાં કરવામાં આવતા કાર્યક્રમો વિષે તેમજ કૃભકોના ઉત્પાદકો વિષે સવિસ્તૃત માહિતી આપી હતી અને રાસાયણિક ખાતરનો સપ્રમાણ વપરાશ માટે આહવાન કર્યુ હતું. મંત્રી દ્વારા સરકારની વિવિધ યોજનાઓ અને તેમના લાભ લેવા અને વધુમાં વધુ હાલ આઈ ખેડુત પોર્ટલ પર અરજી કરી લાભ લઈ ખેતીમાં આગળ વધો એ માટે માહિતી પૂરી પાડી હતી. પ્રોગ્રામમાં સરકારની યોજનાના લાભાર્થી ખેડૂતેનો વિનોવિંગ ફેન ખેતીવાડી ખાતા દ્વારા વિતરણ કરવામાં પણ આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંડળીના કર્મચારી દ્વારા ખૂબ સરસ આયોજન કરવામાં આવ્યું હતું.

## મોરવા(હ)ના ડાંગરીયાની એજન્સીના ગ્રાહકોની યાદી વગરના ૩૫ ગેસના બોટલો ઝડપાયા





ગોધરા,

પંચમહાલ જિલ્લા પુરવઠા અને ના.કલેકટર તથા મોરવા(હ)મામલતદાર અને તેઓની સંયુકત ટીમ મોરવા(હ)તાલુકાની ફેરણીમાં હતા ત્યારે રિક્ષા ટેમ્પોમાં ભરેલા ગેસના બોટલ અંગે ચાલક પાસે ગ્રાહકોની યાદી માંગણી કરતા યાદી રજુ કરી ન હતી જેથી ૩૫ ગેસના બોટલો સહિત રિક્ષા ટેમ્પો જપ્ત કરી સંચાલક સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પંચમહાલ જિલ્લા પુરવઠા અને ના.કલેકટર એચ.ટી.મકવાણા તથા મોરવા(હ)મામલતદાર અને તેઓની સંયુકત ટીમ મોરવા(હ)તાલુકાની ફેરણીમાં હતા.ત્યારે સંતરોડ–સંતરામપુર હાઈવે પર ડાગરીયા ગામ પાસે ઈન્ડિયન ગેસના સિલીન્ડર ભરેલ અતુલ રિક્ષા વાહનને હાઈવે પર ઉભુ રખાવી ડિલીવરી બોય પાસે ડિલીવરી માટેના ગ્રાહકોની યાદી માંગતા ગ્રાહકોની યાદી રજુ કરેલ ન હતી. ગેસના બોટલ મોરવા(હ)ઈન્ડિયન ગેસ સંચાલિતના ગોડાઉન પરથી ભરેલાનુ જણાવેલ હતુ. જેથી વાહનમાં ડીલીવરી બોય પાસે ગ્રાહકોની યાદી ન હોય તથા નિયમનો ભંગ કરી અનઅધિકૃત રીતે ગેસ સિલીન્ડર ભરી વહન કરતુ વાહન તેમજ ૧૪.૨ કિગ્રાના ભરેલ ૨૭ ગેસના બોટલ તથા ૫ કિગ્રાના ૮ ભરેલા ગેસ સિલીન્ડર જેની કિ.રૂ.૮૪,૫૩૪ નો જથ્થો તથા વાહનને સીઝ કર્યુ હતુ. મોરવા(હ)તાલુકા ઈન્ડિયન ગેસ સંચાલક ડામોર મંજુલાબેન વખતસિંહ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## મોરવા(હ)ના મોરા ગામે ગેરકાયદેસર ચાલતી મીની ગેસ એજન્સી ઝડપી

ગોધરા,

મોરવા(હ)તાલુકાના મોરા ગામે ફરાસખાનાના ગોડાઉનમાં સિલીન્ડરનો જથ્થો પડ્યો હોવાની બાતમીના આધારે પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા, મામલતદાર દ્વારા મોરા ગામે આવેલ ફરાસખાનાના ગોડાઉનમાં તપાસ કરતા ઉજ્જવલા યોજનાના બોટલ મળી આવ્યા હતા. પુરવઠા વિભાગ દ્વારા અરવિંદભાઈ રઘાભાઈ બારીયાના સાત સ્થળે તપાસ કરતા ગેસ બોટલ અને ઉજ્જવલાની પાવતીઓ મળી આવી હતી. પુરવઠા વિભાગે ૭ સ્થળેથી ઉજ્જવલા યોજનાના ૧૨૦ બોટલ મળી આવતા અરવિંદભાઈ બારીયા ગેરકાયદે લાભાર્થીના ગેસના બોટલ મેળવીને મીની ગેસ એજન્સી ચલાવતા હતા. ગેસના બોટલનો કોમર્શિયલ ઉપયોગ કરતા હતા. અરવિંદભાઈ પાસે ગેસના બોટલ સંગ્રહ કરવાનુ કોઈ લાયસન્સ કે પરવાનો ન હોવા છતાં ગેરકાયદે ગેસના ૧૨૦ બોટલ રાખતા પુરવઠા વિભાગે એક ગાડી સહિત ૩.૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરીને કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધર સરદાર નગર ખંડ પાછળ જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડતો ઈસમને ઝડપ્યો

ગોધરા,

ગોધરા સરદાર નગર ખંડ પાછળ ખુલ્લામાં ફરક આંકનો જુગાર રમાડતો હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી એક ઈસમને કુલ ૫૦૪૦/–રૂપિયા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા સરદાર નગર ખંડ પાછળ ખુલ્લામાં આરોપી રહીમ હકીમ શેખ વરલી મટકાનો ફરક આંકનો જુગાર રમાડે છે તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી આરોપીને ૫૦૪૦/–રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે એ–ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## ગોધરા તાલુકાના જીતપુરા ગામે સિમેન્ટનો લાઈટનો થાંભલો પડતા દબાઈ ગયેલ ૭૧ વર્ષિય વૃદ્ધનુ મોત

ગોધરા,

ગોધરા તાલુકાના જીતપુરા ગામે રહેતા ૭૧ વર્ષિય વયોવૃદ્ધ ચાલતા ખેતરમાં જઈ રહ્યા હતા ત્યારે લાઈટનો સિમેન્ટનો થાંભલો અચાનક તેમની ઉપર પડતાં દબાઈ જવાથી ઈજાઓ થવા પામી હતી. જેથી ગોધરા ખાનગી હોસ્પિટલમાં ખસેડતા તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના જીતપુરા ગામે પટેલ ફળિયામાં રહેતા રમણભાઈ મંગળભાઈ પટેલ(ઉ.વ.૭૧)પોતાના ઘરેથી ચાલતા ખેતરમાં જઈ રહ્યા હતા તે વખતે રસ્તામાં હિંમતસિંહ ઠાકોરની દુકાનની બાજુમાં આવેલ સિમેન્ટનો લાઈટનો થાંભલો અચાનક રમણભાઈ પટેલ ઉપર પડતાં તેઓ થાંભલા નીચે દબાઈ જતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેથી તેઓને સારવાર માટે ગોધરા ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં હોસ્પિટલના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે અકસ્માત મોત અન્વયે ફરિયાદ નોંધાવવા પામી છે.

## કર્ણાવતી કલબની સામે ૪૦ લાખની દિલધડક લૂંટ! 'કારમાં પંચર છે', કહીને લૂંટારુંઓ કળા કરી ગયા!

અમદાવાદ

શહેરમાં ફરી એક વખત લાખો રૂપિયાની લૂંટથી ચકચાર મચી ગઈ છે. કર્ણાવતી કલબની સામેથી ૪૦ લાખની દિલધડક લૂંટ થઈ છે. બાઈક પર આવેલા શખ્સોએ આ લૂંટને અંજામ આપ્યો હતો. ઈનોવા કારમાંથી રૂપિયા ભરેલી બેગ લઈ અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. કોન્ટ્રાક્ટર આંગડિયા પેઢીમાંથી રૂપિયા લઈને જતો હતો. ત્યારે બાઈક પર આવેલા શખ્સોએ તમારી કારમાં પંચર છે કહીને કાર ચાલકની નજર ચૂકવીને લૂંટ કરી હતી. આ ઘટના બાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, કર્ણાવતી કલબની સામેના રોડ પર આંગડિયા પેઢીમાંથી એક કોન્ટ્રાક્ટર રૂપિયા લઈને ઈનોવા કારમાં જઈ રહ્યો હતો. ત્યારે તેની કાર પાસે બાઈક લઈને આવેલા બે શખ્સોએ તેની કાર અટકાવીને કારના ટાયરમાં પંચર હોવાનું જણાવ્યું હતું. લૂંટારુઓની ચાલ ન સમજી શકનાર કોન્ટ્રાક્ટર કારમાંથી નીચે ઉતરીને ટાયર જોવા ગયો હતો. એટલી વારમાં કારની પાછળની સીટમાં પડેલા રૂપિયા ભરેલો થેલો લઈને બંને શખ્સો પલાયન થઈ ગયા. ઘટના અંગે જાણ થતાં ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા અને લૂંટારુઓને પકડવા કાર્યવાહી શરૂ કરી છે.

કર્ણાવતી કલબની સામેની બાજુથી સેટેલાઈટ તરફ જતા રસ્તા પર લૂંટનો આ બનાવ બન્યો. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ દ્વારા લૂંટ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. આસપાસના વિસ્તારમાં સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવા માટે પણ તજવીજ હાથ ધરવામાં આવી છે.